# સહજ-સત્સંગ

Year : 1 Issue : 11 Dt. 1-12-2013 Page - 52 માસિક



સપ્તમ સપ્તર્ષિ : વશિષ્ઠ



# મા મીરાંબિકા

Do not be sad, things happen because they have to happen and finally everything leads to the ultimate victory of the Supreme.

- The Mother

## અંતિમ મંજીલ નિશ્ચિત

ભાવાનુવાદ

જીવનની ઘટમાળ ફરતી, ગત કર્મોનાં પરિણામ એ,
તે થવાના નિશ્ચયે, પણ તેનાં પરિણામો અવનવા.
લઈ જશે પરમ-પદ પ્રતિ, આડી અવળી કેડીથી,
અંતે તો વિજય પ્રભુ તણો જ, તેના અતિગૂઢ આયોજન થકી.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## હાલની અંધાધૂંધી

(તા.૦૭.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૦)



પ્રભુ, સૌ કોઈમાં તારા સમર્થ ચિંતનની અવિકારી શાંતિનો અને તારા સ્વસ્થ દર્શનનો અભાવ જ વર્તાય છે.

બધાં લોકો ભારમય જડ, રૂઢિ પરાયણ, અપ્રકાશિત એવા સ્થૂળ જીવનને જ જાણે છે. પ્રાણની શક્તિઓ પણ આ સ્થૂળ જીવનના રૂપમાં જ બંધાએલી હોય છે.

મનોમય જીવન જીવતા લોકો સંત્રસ્ત છે. રૂપાંતરને બદલે વમળોમાં સપડાઈ ગયા છે. ક્યા પાયા પર જીવનની રચના કરવી તેનું જ્ઞાન નથી. તેથી દરેક વસ્તુમાં તોડફોડ કરવા જ પ્રવૃત્ત થએલાં છે. જે પ્રકાશ મળેલો છે તે કેવળ અધૂરા ઝબકારા માત્ર છે.

પ્રભુ, આ અંધાધૂંધીમાં ખુદ હૃદયની અંદર જ ચમત્કાર બની આવો. તારા શાંત અવિકારી, સ્વસ્થ વિશુદ્ધ પ્રકાશનો નિયમ બધાંને જ સમજાય અને તેના શાસન નીચે દિવ્ય-ચેતના પ્રત્યે જાગૃત બનેલી માનવજાતિ પૃથ્વીનું શાસન કરે.

મધુરગુરુ, મારી પ્રાર્થનાને જવાબ આપ.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (હાલની અંધાધૂંધી) | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (વિશ્વ અને વ્યક્તિ) | ૮ |
| **માતૃવાણી** (પ્રાર્થનાઓ (પ્રભુને પુકાર) | ૧૧ |
| **સાવિત્રી** (પ્રભુની વિશ્વસ્તઃ પ્રજ્ઞા-શક્તિ) | ૧૩ |
| **યોગ વિષે પત્રો** (અધિમનસનું અસ્તિત્વ) | ૧૭ |
| **ઉપનિષદો** (જગતો અને સૂર્ય) | ૨૧ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (કર્મ અને ધ્યાન) | ૨૭ |
| **જાતક કથાઓ** (રામના વંશજો) | ૨૯ |
| **યોગ પર દીપ્તિઓ** (અધિમનસની આવશ્યકતા) | ૩૦ |
| **સાંજના વાર્તાલાપો** (લોકોની ખોટી માન્યતાઓ) | ૩૩ |
| **વેદવિજ્ઞાન** (સોમ) | ૩૫ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (શાંત અને સ્વસ્થ બનવાની કળા) | ૩૮ |
| **યોગનાં મૂળતત્ત્વો** (આત્મસમર્પણ) | ૪૦ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સત્યપ્રાપ્તિની ગુમાવેલી તક (૫૪) પ્રાચીન સ્વર્ગની સ્મૃતિ (૫૫-૫૬) | ૪૩ |
| **પ્રેમ અને મૃત્યુનો વિવાદ** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૧૧ વર્ષ : ૧
ડીસેમ્બર - ૨૦૧૩



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# હાલની અંધાધૂંધી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જણાવે છે કે આજના જીવનમાં તારી સાથેની આંતરિક એકરૂપતામાં મળતી શાંતિ અને દર્શનની સ્વસ્થતા નથી. તેમાં બૌદ્ધિકો અને સામાન્ય બન્ને પ્રકારના માનવો ગુંચવાએલા જ છે. સામાન્ય માનવો તો ભૌતિક જીવનમાં જ અટવાઈ ગયાં છે. તેઓ પરંપરાઓ પાળીને સંતોષ માને છે. જીવન જેવું તમોગ્રસ્ત છે, તેમાં જ જીવે છે. બદલવાનો પ્રયત્ન કરતા જ નથી.

બીજી બાજુ, બૌદ્ધિકો તો બેચેન બની ધૂંધવાઈ રહ્યાં છે. તેમને આ તમોગ્રસ્ત જીવનમાં રૂપાંતર અને ફેરફારની જરૂર જણાય છે પણ શું કરવું તેની કોઈ સ્પષ્ટ કલ્પના નથી. મનોમય મનોરાજ્ય ઘડે છે પણ વાસ્તવિક પ્રગતિ નથી. અથવા જુના જીવનને તોડી નાખો, ભાંગી નાખો એવી વિનાશકારક દૃષ્ટિ લઈને અસ્વસ્થ છે.

પ્રભુ, આ અસંતોષના ભારણમાં જ તારો સંકલ્પ સિદ્ધ થશે. બધાંને તને જીવનદ્વારા પ્રગટ કરી કેવી રીતે અક્ષય આનંદ મેળવવો તેની સમજણ મળશે.

આ સમજણ જ, પ્રભુ, અંતે નવીન જાતિ રચવાના માર્ગે આગળ વધશે અને ભાવિ તેવી જ જાતિનું છે. તેમનું વર્ચસ્વ વધવાનું છે.

માતાજીને ખાતરી છે કે તે તેમની આ અભીપ્સા અને અપેક્ષા પ્રભુના એ સંકલ્પ મુજબની જ છે અને તેથી પ્રભુએ તે નિશ્ચિત રીતે સાંભળેલી જ છે.

પ્રભુ, આ પ્રાર્થનાને તમે જવાબ આપો, જેથી અમને માર્ગદર્શન મળે અને અમારો ઉત્સાહ જળવાઈ રહે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

**ઉત્ક્રાંતિનું ચોથું સોપાન :**

ઉત્ક્રાંતિના ચોથા સોપાનમાં પ્રભુની પૂર્ણચેતનાવાળા જુદા જ પ્રકારના અસ્તિત્વનું પ્રાગટ્ય છે. પશુ કરતાં મનની ચેતનાને ધારણ કરનાર મનુષ્ય જેમ બધી જ રીતે ચઢિયાતો છે એમ અતિમનસ ચેતનાને ધારણ કરનાર દિવ્ય માનવ આજના માનવ કરતાં બધી રીતે ચઢિયાતો હશે. એનો અર્થ એ નથી કે એ વધારે બુદ્ધિશાળી એવો શ્રેષ્ઠ મનુષ્ય હોય. આ વિશે શ્રી અરવિન્દે એક પત્રમાં જણાવ્યું હતું કે 'અતિમનસ એટલે માણસ પોતાની સ્વાભાવિક ઊંચાઈ, પ્રકૃતિની પરાકાષ્ટાને પ્રાપ્ત કરે તેવું નહીં. ઊંચી કક્ષાની માનવીય મહાનતા, જ્ઞાન, શક્તિ, બુદ્ધિમત્તા, સંકલ્પ, ક્રિયાત્મક શક્તિ, વિલક્ષણતા, સંતપણું, પ્રેમ, શુદ્ધતા કે પૂર્ણતા પ્રાપ્ત કરે એ અતિમનસ નથી.'' અતિમનસના અવતરણથી સમગ્ર અસ્તિત્વ જ સંપૂર્ણપણે બદલાઈ જશે. જેમ મનની શક્તિનું અવતરણ થતાં વાનરમાંથી વધારે ચપળ, સક્ષમ એવો વાનર નથી બન્યો પણ એક નવું જ સુંદર અસ્તિત્વ મનુષ્યરૂપે પ્રગટ્યું છે. એમ અતિમનસ શક્તિના અવતરણથી એથી પણ વધુ સુંદર દિવ્ય અસ્તિત્વ જેને શ્રી અરવિન્દ અતિમનસ શરીર કહે છે તે પ્રગટશે. તેનું શરીર અત્યારના મનુષ્યોના શરીર જેવું નહીં હોય પણ એ શરીર ભગવાનની પૂર્ણ એવી અતિમનસ શક્તિને ધારણ કરતું તેજોમય, હળવું, નમનીય, મુલાયમ, દિવ્ય શરીર હશે. એ શરીર અત્યારના શરીર જેવું જન્મ, જરા અને મૃત્યુને આધીન નહીં હોય, પણ એ શરીર, આત્મા પોતે કોષોના સંઘટનથી તૈયાર કરશે અને જ્યારે આત્માને એમ જણાય કે હવે પૃથ્વી ઉપરનું કાર્ય પૂરું થયું છે, ત્યારે તે કોષોનું વિસર્જન કરી ચૈત્યલોકમાં ચાલ્યો જશે. એટલે કે અત્યારના શરીર જેવી જન્મ મૃત્યુની ઘટના એ દિવ્ય શરીરમાં નહીં હોય. આમ એ દિવ્ય શરીર જન્મ જરા વ્યાધિ અને મૃત્યુ એ અત્યારના શરીરની પ્રકૃતિથી મુક્ત હશે. આવું દિવ્ય તેજોમય

શરીર એ જ ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન છે. એ તેજોમય શરીરનું મન અત્યારના આપણા મન જેવું સામાન્ય મન નહીં હોય, પણ જ્યોતિર્મય મન હશે. તે દિવ્ય શરીરમાં પ્રાણ એ અત્યારના પ્રાણ જેવો ભુખાળવો અને આવેગયુક્ત, કામનાથી ભરેલો પ્રાણ નહીં હોય, પણ એ પ્રભુની, પરમ શક્તિની સીધી સંકલ્પશક્તિરૂપ હશે. અને આત્મા એટલે કે પરમાત્માનો દિવ્ય તેજોમય અંશ આ બધા ઉપર કાર્ય કરતો હશે. આવો પૂર્ણ મનુષ્ય જેમાં પરમાત્માની દિવ્ય ચેતના સીધેસીધી કાર્ય કરતી હોય, એ જ છે, ઉત્ક્રાંતિનું સર્વોચ્ચ શિખર.

શ્રી અરવિન્દે પ્રકૃતિની ઉત્ક્રાંતિની ધીમી ગતિને પોતાની પ્રચંડ સાધના દ્વારા વેગ આપ્યો. ચાળીસ વરસ સુધી પોંડિચેરીમાં એકાંત સાધના દ્વારા પોતાના મન, પ્રાણ અને દેહને પરમાત્માની આ સર્વોચ્ચ શક્તિ-અતિમનસ શક્તિને ઝીલી શકે અને કાર્યરત કરી શકે એવા બનાવીને તેમા આ પરમશક્તિને કાર્યરત કરી ઉત્ક્રાંતિનું ચતુર્થ સોપાન સિદ્ધ કરી આપ્યું. આ શ્રી અરવિન્દનું માનવજાતિને સર્વોચ્ચ પ્રદાન છે, કે દુઃખયુક્ત માનવ જાતિ માટે દુઃખમુક્ત દિવ્ય જીવન સુલભ કરી આપ્યું.

**(૨) અતિમનસનું અવતરણ :**

પ્રકૃતિની ઉત્ક્રાંતિની યાત્રામાં હજારો વર્ષો પછી જે પરમતત્વ જડચેતનામાં સક્રિય થવાનું હતું એ તત્ત્વનું અવતરણ કરાવી શ્રી અરિવન્દે દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા રચી આપી છે. એ તત્ત્વને તેમણે અતિમનસ ચેતના નામ આપ્યું છે. પણ એ ચેતના, એ પરમ તત્ત્વ તો પહેલેથી જ અંતર્નિહિત હતું. ઋગ્વેદના ઋષિઓએ તેનો ઋતચેતના તરીકે ઉલ્લેખ કરેલો છે. આ જ છે પરમાત્માની ચૈતન્યમયી, સત્યમયી, આનંદમયી ચેતના. આ ચેતનાને છેક સ્થૂલ ભૂમિકા ઉપર સક્રિય કરવાનું કાર્ય એ જ શ્રી અરવિન્દનું જીવનકાર્ય હતું. એક પત્રમાં તેમણે જણાવ્યું હતં કે ''આપણે પરમાત્મા પાસેથી જે વરદાન માંગ્યું છે, એ તો વિશ્વની ઊંચામં ઊંચી શક્તિ પાસેથી પૃથ્વી માગી શકે તેવું મોટામાં મોટું વરદાન છે, એ વરદાનમાં આપણે એક પરિવર્તન માંગ્યું છે..... આપણે તો એકદમ એમ જ માગ્યું છે કે પ્રભુનું સત્ય અને શક્તિ જડતત્ત્વમાં અવતરણ પામે. જડતત્ત્વની ભૂમિકામાં અને સ્થૂલ જગતમાં અતિમનસની સ્થાપના થાય અને જડતત્ત્વના છેક મૂળરૂપ સુધી એક સંપૂર્ણ રૂપાંતર બની આવે.''

(અનુ. પૃ.૩૭ ઉપર)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વિશ્વ અને વ્યક્તિ

પ્રકરણ - ૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સાધક દિવ્ય-જીવનની સાધનામાં જાગૃત થતાં અનુભવે છે કે તેમાં એક સદા વૃદ્ધિંગત થતું તેજ વિસ્તરી રહ્યું છે. તે તેજ જ વાસ્તવિકતા છે, સત્ય છે. તે જ દિવ્ય ચેતના પણ છે. તે પરમ સત્ય છે. અને તે નિરાકાર સત્ય આ વિવિધ જગતો રૂપે અને વિવિધ વ્યક્તિઓ રૂપે સાકાર થઈ રહ્યું છે. એવા પણ જગતો છે જે સાધકની દૃષ્ટિના પથની બહાર છે કારણ તે વધારે સૂક્ષ્મ છે. વધારે દૈવી અને વધારે સત્યને ધારણ કરનારાં છે. આ જગતની વિવિધતા અને વિપુલતા એટલે તે પરમ-સત્યનો જ અનંત આવિર્ભાવ સ્વરૂપ તેને લાગે છે.

અને તે પરમ-ચેતના પોતાના આ સમગ્ર આવિર્ભાવ બાબત સંપૂર્ણ સભાન છે. તેને તે વિકસાવી રહી છે. માર્ગદર્શન અને પ્રેરણા આપે છે. પોતે જ સૂક્ષ્મ અને ગુપ્ત આયોજન કરતી હોય છે. આવા પરમ પ્રકાશના આવિર્ભાવને આર્યઋષિઓ ‘ઉષા’ કહેતાં. અને આ સૌમ્યપ્રકાશ ધીમે ધીમે વિશાલ અને ઝળહળતો થતો થતો સમગ્ર વિશ્વને આવરી લઈ તેમાં ઓતપ્રોત થઈને રહે છે. આવા સર્વવ્યાપી પ્રકાશને વેદો ‘વિષ્ણુ’ કહેતાં. વિશ્ એટલે પ્રવેશીને રહેવું. ઓતપ્રોત થઈને રહેવું. આવી અવસ્થાને પ્રાપ્ત કરવી તેને ઋષિઓ ‘પરમંપદમ્’ કહેતાં ‘તદ્વિષ્ણોઃ પરમંપદમ્’ તે પરમ પ્રકાશ જ આ જગતની ઉત્ક્રાંતિની ગતિને દિશા આપે છે. શક્તિ આપે છે, પ્રેરણા આપે છે. તે માટે તે જરૂરિયાત મુજબ ભૌતિક દેહ પણ ધારણ કરે છે. અવતારવાદનું આ સત્ય છે. દરેક વ્યક્તિ માટે આ વિષ્ણુ ચેતનાનો

પોતાનો સંકલ્પ હોય છે. તે વ્યક્તિનું તે દૈવી ભાગ્ય હોય છે. અને તેની સાધના તેને ધીમે ધીમે તે જ માર્ગે વાળી આગળ લઈ જતી હોય છે. આ તેજોમય વૈશ્વિક ચેતના જ, આ મહાવિષ્ણુ જ તેનો ભાગ્યવિધાતા હોય છે.

આ માટે જ વ્યક્તિ જન્મી હોય છે. આ જ તેના જીવનનો એક જ હેતુ હોય છે. જીવનનું સાર્થક્ય આમાં જ છે. આ હેતુને ભૌતિક વાસ્તવિકતામાં લાવવું એટલે જ દૈવી જીવન. આ દૈવી જીવન બીજ સ્વરૂપે દરેકમાં સુપ્ત અવસ્થામાં પડેલું જ છે. બહારથી વિસંવાદમાં ખદબદતું આ ભૌતિક જીવન એ જ આપણું સંપૂર્ણ અસ્તિત્વ નથી. તે તો આપણા સમગ્ર વ્યક્તિત્વનો એક નાનકડો બાહ્ય મુખવટો માત્ર છે. અને આ મુખવટા મારફત તે પરમ પ્રભુનો સંકલ્પ પોતાને પ્રકટ કરવા પ્રયત્ન કરતો હોય છે. તે વ્યક્તિનાં તન, પ્રાણ અને મન દ્વારા પ્રકટ થવા પ્રયત્ન કરતો હોય છે. તન દ્વારા તે પોતાનું અસ્તિત્વ પ્રકટ કરે છે. સત્ સ્વરૂપ પ્રકટ કરે છે. પ્રાણ અર્થાત્ જીલન દ્વારા તે પોતાને ચેતના તરીકે, ચિત્ સ્વરૂપ તરીકે, પ્રકટ કરે છે અને મન દ્વારા તે પોતાના આનંદ સ્વરૂપને પ્રકટ કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નો પ્રથમ વિકૃત આવિર્ભાવ કરતાં હોય છે પણ સાધનાના વિકાસ સાથે તે આવિર્ભાવ વધારે ને વધારે શુદ્ધ થતો જાય છે. અને અંતે પોતાના સત્-ચિત્-આનંદ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. આ સત્-ચિત્-આનંદ સ્વરૂપ જ જીવન દ્વારા સત્યમ્ શિવમ્ સુંદરમ્ તરીકે પ્રકટ થાય છે. દેહ દિવ્ય બનતાં તે તેનું સત્યમ્ સ્વરૂપ છે. જીવન દિવ્ય બનતાં તે તેનું શિવમ્ (પવિત્રમ્) સ્વરૂપ છે. અને મન દિવ્ય બનતા તેની દ્વારા તે પોતાનું ‘સુંદરમ્’ સ્વરૂપ પ્રકટ કરે છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્ એ સત્-ચિત્-આનંદનું જ સક્રિય સ્વરૂપ છે.

પરમ ચેતના વ્યષ્ટિ અને સમષ્ટિ સ્વરૂપે આવિર્ભાવ પામી રહી છે. વ્યષ્ટિ એટલે વ્યક્તિ તરીકે અને સમષ્ટિ એટલે જગત તરીકે. આમ વ્યક્તિ અને જગત તરીકે પરમ-ચેતના જ આવિર્ભાવ પામી રહી છે. તેથી દિવ્ય-જીવનનાં પણ વ્યક્તિગત અને વૈશ્વિક પાસા રહેશે. આ બંને વચ્ચે જે વિનિમય થતો હોય છે, જે આદાન પ્રદાન થતું હોય છે, તે દ્વારા જ વ્યક્તિ અને વિશ્વ પ્રગતિ કરે છે. વ્યક્તિ અને વિશ્વ વચ્ચે ઘણા એકથી એક વિશાળ સ્તરો નિર્માણ થતાં હોય છે. અને તે

સ્તરોનો સાક્ષાત્કાર કરતો કરતો જ સાધક વિશ્વ ચેતનામાં પ્રવેશતો હોય છે. સાધકની ચેતના વધારે ને વધારે વિશાલ થતી અંતે વિશ્વ ચેતનામાં જઈ વિલીન થતી હોય છે. જેમ જલધારા ઝરણામાં મળે છે. ઝરણું નદીમાં, નદી અંતે સાગરમાં મળે છે. તેમ જ સાધકની ચેતના વિશાલથી વિશાલતર બનતી અંતે વિશ્વ ચેતનામાં જઈ મળતી હોય છે. વેદોમાં આવા ચેતનાના વિકાસને ભૌતિક સ્તરે પણ વાસ્તવિક બનાવતા દિવ્ય સ્વરૂપને 'મહિ' કહે છે. મહિ એટલે સાધકમાં મહાનતાને આવિર્ભાવ કરતી ચેતના, ધરતીને પણ 'મહિ' કહેવામાં આવે છે. કારણ વિશાલતાના તબક્કાઓમાંનો તે પણ એક તબક્કો છે. જેને 'પૃથ્વિ-ચેતના' કહેવામાં આવે છે. સાધક ત્યારે સમગ્ર પૃથ્વિ સાથે એકરૂપતા અનુભવતો હોય છે. તે પછી આ ચેતના સૂર્યકુળ સાથે એકરૂપ થતી આગળ બ્રહ્માંડ ચેતનામાં વિલીન થતી હોય છે. આ ઉત્ક્રાંતિની પ્રક્રિયા છે. અવક્રાંતિમાં પરમ-ચેતના પોતાને ઢાંકતી ઢાંકતી તબક્કાવાર અન્તર્ધ્યાન પામતી અનેક તબક્કાવાર આવરણો નિર્માણ કરે છે. જે પરમ ચેતનાને અન્તર્ધ્યાન પામવામાં મદદરૂપ થતાં હોય છે. આ આખી અવક્રાંતિની પ્રક્રિયા હોય છે.

આથી ઉલટી ઉત્ક્રાંતિની પ્રક્રિયા હોય છે. તેમાં જડ પાર્થિવ તત્ત્વ મારફત ચેતના વધારે ને વધારે પ્રકટ થતી જાય છે અને તબક્કાવાર બધાં જ આવરણોને શુદ્ધ કરતી અને તેમને પરમ-ચેતનાના જ આવિર્ભાવના સાધન બનાવતી બનાવતી અંતે પરમ-ચેતનાના મૂળ સ્વરૂપને પામે છે. આ આખી આવિર્ભાવની પ્રક્રિયા એ જ ઉત્ક્રાંતિ છે. અવક્રાંતિઅને ઉત્ક્રાંતિ મળીને યુગચક્ર તૈયાર થાય છે.

આથી ઉત્ક્રાંતિને ઉપર ઉઠાવવા માટે જે ઊર્ધ્વનું આકર્ષણ હોય છે તે અતિમનસમાંથી આવતું હોય છે અને નીચેના સ્તરોમાંથી તે ચેતનાને ઉપર ખેંચતું હોય છે. આ કર્ષણ કરનાર તત્ત્વને જ 'કૃષ્ણ' કહે છે. જે તત્ત્વ આકૃષ્ટ કરે છે તે જ કૃષ્ણ છે. તેની મોહિની જ આપણને ઉત્ક્રાંત થવા પ્રેરે છે. તેથી આજના સ્તરે ઉત્ક્રાંતિ જે મનના સ્તરે છે તેણે આ મનનો તબક્કો વટાવીને મનના ઉપરના પ્રદેશમાં – અર્થાત્ અતિમનસમાં આરોહણ કરવાનું હોય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# પ્રાર્થનાઓ (પ્રભુને પુકાર)

(માતૃવાણી ભા.-૧૫, પૃ.૧૦૭-૧૧૨)

પ્રકરણ - ૩૯ -૪૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **પૂર્ણપ્રાર્થના :** આપણું સમગ-સ્વરૂપ પ્રભુને એક સમર્પણભાવ તરીકે એકાગ્ર થવું જોઇએ.

૨ **સવારે ઊઠ્યા પછીની પ્રાર્થના :** પ્રભુ, આજનો દિવસ તને સમર્પિત છે. મને કાયમ સર્વ સંજોગોમાં પ્રભુ આપનું સ્મરણ રહે.

૩ **નિદ્રામાં પ્રવેશતા પહેલાની પ્રાર્થના :** પ્રભુ, આજરોજ આ પ્રસંગે હું આપને ભૂલી ગએલો. પ્રભુ, આ ભૂલી જવાની ક્રિયાઓ હવે પછી ન બનો.

૪ **હર ક્ષણની પ્રાર્થના :** પ્રભુ, તારો સંકલ્પ અને તારું કાર્ય સિદ્ધ થાઓ, મારો નહિ.

૫ **રોજની પ્રાર્થના :**

(૧) પ્રભુ, અમને વધારે ને વધારે શીખવો, વધારે ને વધારે પ્રકાશિત કરો, અમારા અજ્ઞાનને વિખેરી નાખો, અમારા મનને પ્રકાશથી ભરી દો, પ્રભુ, મને તારામય બનાવો.

(૨) પ્રભુ, અમારી કૃતજ્ઞતા સ્વીકારો, અમારી આનંદપૂર્ણ, શ્રદ્ધાપૂર્ણ અવસ્થાઓ સ્વીકારો.

૬ **રાધાની પ્રાર્થનાઓ :**

(૧) પ્રભુ હું જેવી છું, તેવી તારી જ છું. મારો સ્વીકાર કર. મને સાધનાનો માર્ગ દર્શાવ. મને તે માર્ગે આગળ વધવાની પ્રેરણા

અને શક્તિ આપ.

(૨) તું, જેને મેં પ્રથમ દૃષ્ટિએ જ મારા સ્વરૂપના સ્વામી તરીકે ઓળખ્યો છે, જે મારા પ્રભુ છે તે મારા સમર્પણનો સ્વીકાર કરો. તારા જ છે મારા વિચારો, લાગણીઓ, હૃદયના ભાવો, મારા સર્વ સંવેદનો, મારા જીવનની સર્વ ગતિવિધિઓ, મારા શરીરનો દરેક કોષ, મારા રક્તનું પ્રત્યેક બિંદુ, હું કેવળ અને સર્વ રીતે તારી જ છું, નિઃસંકોચ રીતે તારી જ. મારા માટે જીવન કે મરણ, સુખ કે દુઃખ, આનંદ કે વેદના જે કાંઈ તું પસંદ કરે, તારા તરફથી જે કાંઇ મને આવી મળે તે મારા માટે આવકાર્ય બનશે. તારી દરેક ભેટ મારે માટે એક દિવ્ય બક્ષિસ બની રહેશે અને મારા માટે તે પરમ-આનંદનો અવસર બની રહેશે.

(૩) હે પ્રભુ, મને સંપૂર્ણરીતે તારો જ બનાવ.

(૪) મારી અંદર રહેલું સર્વસ્વ તારી સેવામાં રહો .

(૫) પ્રભુ, તને જાણવાની તીવ્ર અભીપ્સા મારામાં જાગૃત કર.

(૬) તારા દિવ્ય-માર્ગદર્શનને અમે અનુસરીએ. મને મારા સાચા ભાવિ વિશે સભાન બનાવ.

(૭) મારું હૃદય શાંતિ અનુભવે છે. મારું મન અધીરાઈમાંથી મુક્ત છે. બાળકની માફક એક સ્મિતયુક્ત શ્રદ્ધાથી સર્વ સંજોગોમાં, સર્વ વસ્તુઓ માટે, તારા ઉપર આધાર રાખું છું. ભીતિ અને ચિંતાથી હું સર્વથા મુક્ત બન્યો છું.

(૮) પ્રભુ, મને બધા મિથ્યાભિમાનમાંથી મુક્ત કર. મને નમ્ર, સચ્ચાઈવાળો બનાવ. (ક્રમશઃ)


# Sponsorship

**The Mothers Blessings to my grand father Induprasad A. Mehta in his death Anniversary on October 6th 1989 from**

Aalok Mehta and Family, NJ. USA

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# પ્રભુની વિશ્વસ્ત : પ્રજ્ઞા-શક્તિ

પ્રકરણ-૨૩

(Savitri B-1, C-4, P-59-60)

These calm and distant Mights shall act at last.
Immovably ready for their destined task.
The ever-wise compassionate Brilliances
Await the sound of the Incarnate's voice
To leap and bridge the chasms of ignorance
And heal the hollow yearning gulfs of Life
And fill the abyss that is the universe.

ઉત્ક્રાંતિનો એ તબકકો શરૂ થઈ ગયો છે કે જેમાં મનોમયકોષના અંતિમ તબક્કાના વિકાસની નજીકના ભવિષ્યકાળમાં પૂર્ણાહુતિ થશે, પણ આ ઊર્ધ્વમનના તબક્કાઓમાં તેથી પણ ઉપરની ચેતનાના સ્તરને, અતિમનસને, પોતાની દ્વારા પ્રગટ કરવા, સક્રિય કરવાની ક્ષમતા હોય છે. અથવા એમ કહો કે અતિમનસ-શક્તિ (Mights) પોતે સક્રિય બની હવે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં કામ કરતી થશે. (act) તે ઊર્ધ્વ સ્તરે તો પોતે શાંત અને અતિદૂર (calm and distant) છે. અત્યાર સુધી શાંત અને સ્થિર હતી (Immovably) પરંતુ ભાવિ-કાર્ય કરવા તૈયાર થઈને બેઠી હતી. વેદો તેને વિજ્ઞાનમય ચેતના કહે છે અને તે ચેતનાનું નિશ્ચિત કાર્ય છે. તે છે માનવ-ચેતનાને પ્રભુની ચેતના સાથે જોડી દેવી, જેથી પ્રભુની ચેતના માનવ દ્વારા ભૌતિકસ્તરે પણ પ્રગટ થઈ શકે. આ જ તેનું નિશ્ચિત કાર્ય (destined task) છે. મનસ્તત્ત્વના ઊર્ધ્વસ્તરે અર્થાત્ ઉપરથી નીચે એમ અધિમનસ, પ્રેરણાત્મક મન અને પ્રકાશમય મનનાં સ્તરે મનનો પોતાનો

પ્રકાશ છે (Brilliances) અને તે ઊર્ધ્વસ્તરે વધતો જ જાય છે તેઓ માનવને પોતાની ચેતનાના વિકાસમાં આરોહણ કરવા મદદરૂપ થાય છે (compassionate) તેઓ માનવના હિત માટે જ ઝઝૂમતા હોય છે (ever-wise) આ ત્રણે મનસ્તત્ત્વનાં સ્તરો પણ પોત પોતાની ભાવિ કામગીરી માટે તૈયાર થઈને બેઠાં છે.(Await) અને પ્રભુનો સંકલ્પ (Incarnate's voice) અતિમનસ સ્તરેથી નીચે અવતરણ પામે અને તેઓ તેને ધારણ કરી તે મુજબ કાર્ય કરે માટે ઉત્સુક છે. આ સંકલ્પ ૐકાર નાદ તરીકે (sound) પ્રથમ પ્રગટ થાય છે અને આ વખતનો સંકલ્પ એવો છે કે આ સંકલ્પશક્તિ ઘસારાથી (leap) નીચે અવતરણ પામે અને માનવ-માનવમાં અને માનવના એક તત્ત્વ અને બીજા તત્ત્વ વચ્ચે જે અચિતે (Ignorance) તિરાડ પાડી વિભાજન કરી રાખ્યું છે તે તિરાડ (chasms) સાંધી નાખે (bridge) અને તેમ કરી જીવનની આ ખાઈમાં (gulfs) જે રિક્તતાછે, ખાલીપા છે (hollow) તેને ભરી કાઢવાની (heal) અભીપ્સાથી. (yearning) આ રીતે જ વિભાજીત વિશ્વની આવી ખાઈઓને ભરી કાઢવી પડશે. (fill the abyss)

Here meanwhile at the Spirit's opposite pole
In the mystery of the deeps that God has built
For his abode below the Thinker's sight.
In this compromise of a stark absolute Truth
With the Light that dwells near the dark end of things,
In this tragi-comady of divine disguise.
This long far seeking for joy ever near,
In the grandiose dream of which the world is made,

બીજી બાજુ, ઊર્ધ્વમાંના પ્રગટ આત્મતત્ત્વના સામે છેડે (opposite pole) જ્યાં પ્રભુએ ખૂબ જ ઊંડે ઊંડે જે પોતાના માટે જાણે બંકરો (abode below) બાંધ્યા છે તે ગૂઢતાના ધૂમ્મસ નીચે સત્ત છવાયેલાં રહે છે (mystery) આ પ્રભુનું નીચેનું વાસ્તવ્ય વિચારપ્રધાન માનવની દૃષ્ટિમાં પણ આવતું નથી જે શુદ્ધ પૂર્ણ સત્ય છે (stark absolute Truth) તેણે અહીં પ્રકાશ અને અંધકારને

પાસે પાસે ગોઠવીને પણ તેમની વચ્ચે જાણે શાંતિકરાર કરાવેલો છે (compromise) પ્રભુનું આ વિશ્વ આયોજનમાં સુખાંત દુ:ખાંત બન્ને પ્રકારનાં નાટકોનો જાણે સમન્વય કર્યો છે. (tragi-comady) પ્રભુએ જાણે એક દિવ્યતાના ઓઠા નીચે જુદી જ રચના કરી છે. ત્યાં આનંદની દીર્ઘકાળની શોધ ચાલી રહી છે (long far seeking) અને તે શોધની પૂર્ણતા થવાનો સમય પાસે આવી ગયો છે (ever near) જગતનું તે ભવ્ય સ્વપ્ન (grandiose dream) સાકાર કરવા જ જગતની રચના થઈ છે. (world is made)

In this gold dome on a black dragon base.
The conscious Force that acts in Nature's breast,
A dark-robed labourer in the cosmic scheme
Carrying clay images of unborn gods.
Executrix of the inevitable Idea
Hampered, enveloped by the hoops of Fate.
Patient trustee of slow eternal Time.
Absolves from hour to hour her secret charge.

આ રીતે પ્રભુને તો જગતના માથે અતિમનસ જગતનો સુવર્ણકલશ સ્થાપવો છે (gold dome) પણ તેનો પાયો તો છે અંધકાર્યભર્યા અવચેતન અને અચેતનનો જ (black dragon base) જે પ્રજ્ઞા-શક્તિએ પ્રભુનું આ કાર્ય કરવાનું બીડું ઝડપ્યું છે તે પોતે આ બાબતમાં પૂરેપૂરી સભાન છે (conscious Force) પણ હાલમાં તે નિસર્ગની પાછળ રહીને, પ્રકૃતિના પડદા પાછળ રહીને કાર્ય કરી રહી છે. (Nature's breast) તેની ઉપર રહેલા અને તેને ઢાંકી દેતા અવચેતન અને અચેતન જાણે તેનો કાળો પહેરવેશ છે-અંધારપિછોડો છે (dark-robed) પ્રભુનો જે આદિ-સંકલ્પ છે (cosmic scheme) તે અનુસાર જ પોતે કામ કરે છે. તેણે પોતાની અંદર પ્રભુના સંકલ્પોને ધારણ કરીને પોતાની રમ્ય કલ્પનાઓ રચેલી છે, (clay images) જે મુજબ જ પાર્થિવતત્ત્વ ઘાટ લેતું હોય છે તે ખરેખર તો હજી ન જન્મેલા દેવોના (unborn gods)

આદર્શો છે જે તેણે સાકાર કરવાના છે. એ રીતે તે પ્રજ્ઞા-શક્તિ અર્થાત્ અતિમનસ શક્તિ તો ફક્ત પ્રભુના સદા-જયી સંકલ્પની (inevitable Idea)કાર્યકારી (Executrix) શક્તિમાત્ર છે, જે ઉત્ક્રાંતિના પ્રવાહમાં અને વિકાસમાં કોઈ વખત અવરોધાય છે (Hampered) તો કોઈ વખત પ્રભુની પળ હોય તો યશોભાગ્ય જાણે કૂદકે ને ભૂસકે આગળ વધતું લાગે છે (hoops of Fate) આ પ્રજ્ઞા-શક્તિને માનવની જેમ પોતાનું કાર્ય પતાવી દેવાની ઉતાવળ હોતી જ નથી, કારણ તેની સામે તો સનાતન-કાળનો સમગ્રપટ પડેલો હોય છે અને તેથી સનાતન-કાળ તો જાણે ખૂબ જ ધીમી ગતિએ ચાલતો હોય એવું લાગે છે (slow) તે પ્રજ્ઞા-શક્તિ જાણે છે કે સનાતન કાળ પ્રભુનું જ સ્વરૂપ છે (કાલોસ્મિ-ગીતા) અને તેને તેના ગતિએ જ વહેવા દેવા માટે આ પ્રજ્ઞા-શક્તિ જાણે તેની વિશ્વસ્ત-શક્તિ (trustee) બની તેણે પોતે પ્રભુનાં જે સંકલ્પો ગુપ્ત રીતે ધારણ કરેલા છે (secret charge) તેને ક્ષણે ક્ષણે નિયતિ અનુસાર પૂર્ણ કરી (Absolves from) પોતાનું કર્તવ્ય યથાર્થ રીતે પાળી રહી છે.

---

(અનુ.પૃ.૩૪ ઉપરથી)

## સાંજના વાર્તાલાપો

શ્રી અરવિન્દ : અતિમનસ યોગ જે કરશે તેમનામાં જ તફાવત પડશે પણ તે સંખ્યા વધતા એક સામાન્ય વાતાવરણ બંધાશે. તે અન્યને પણ અતિમનસ સાધનામાં મદદરૂપ થશે. સર્વસામાન્ય લોકો તે મુજબ સાધના કરવા પ્રેરાશે તો તેઓ આંતર-દર્શનની ક્ષમતા પ્રથમ હાંસલ કરશે. અત્યારે તે જવલ્લે જ પ્રાપ્ત હોય છે. અતિમનસ-યોગીના જે સંપર્કમાં હશે તેમના ઉપર તેનું વધારે પરિણામ થશે. તે ઉચ્ચતર શક્તિઓ પ્રત્યે ખુલ્લો થશે.

શિષ્ય : પૃથ્વીની ઉપર શું કશી જ અસર નહીં પડે?

શ્રી અરવિન્દ : પૃથ્વી નવી અતિમનસ શક્તિના સંપર્કમાં આવી. તે મુજબનું વાતાવરણ બંધાવા લાગ્યું. તેથી અમુક પરિવર્તનો તો આવશે જ. પણ વિશ્વના નિયમોમાં હજી ધરમૂળથી પરિવર્તન નહીં કરે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# અધિમનસનું અસ્તિત્વ

(ભા.-૧, પૃ.૨૮૬-૨૯૫)

પ્રકરણ - ૮

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અતિમનસ એટલે દિવ્ય-પ્રકૃતિની પૂર્ણ ઋત્-ચેતના જેમાં વિભાજન અને અવિદ્યાનાં તત્ત્વો માટે કોઈ જગ્યા હોઈ શકે નહિ. પૃ.૨૮૬

૨ અધિમનસમાં સત્યનાં પાસાંઓનું વિભાજન શરૂ થઈ જાય છે. શક્તિઓનાં અને તેમનાં કાર્યોનાં ભેદ પડે છે. જાણે કે તેઓ સ્વતંત્ર સત્યો હોય! પૃ.૨૮૭

૩ અધિમનસમાં અવિદ્યાનું સાચું પતન હોતું નથી, પરંતુ તેમાં એવું પ્રથમ પગલું ભરાય છે જે અનિવાર્ય રીતે પતન કરે છે. પૃ.૨૮૭

૪ અતિમનસ..... પોતાની શક્તિઓનો આવિર્ભાવ કઈ રીતે કરવો તે નક્કી કરે છે અને તેની યોજના ઘડે છે. અધિમનસ આ બધાં સત્યો અને શક્તિઓ ઝીલે છે અને દરેક કાર્યને એક સ્વતંત્ર બળ તરીકે કાર્ય કરતી મૂકે છે. પૃ.૨૮૭

૫ પ્રકાશની શક્તિઓ અને અંધકારની શક્તિઓ વચ્ચેનો સંઘર્ષ અહીં સત્ય છે..... ઊર્ધ્વમાં આરોહણ કરીએ તેમ તેમ તે સત્ય ઓછું..... થતું જાય છે. પૃ.૨૮૭

૬ અધિમનસ..... આ રીતે સત્, ચિત્ અને આનંદને જુદાં જુદાં પાડે છે. પૃ.૨૮૯

**૭ અધિમનસની શક્તિ દ્વારા..... સાધકની અંદર વિશ્વરૂપ-ચેતના ખુલ્લી થાય છે. પૃ.૨૯૦**

**૮ અધિમનસ..... નીચેની ભૂમિકાઓમાં અતિમનસ - પ્રકાશનાં કાંઈક અંશને સંક્રાંત કરી શકે છે. પૃ.૨૯૦-૨૯૧**

**૯ અતિમનસ અવતરણ..... પહેલાં અધિમનસમાં પહોંચીને તેને નીચે અવતરણ કરાવવું પડે છે. પૃ.૨૯૧**

**૧૦ વસ્તુઓના સર્જક સત્યની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ અધિમનસ ભૂમિકાઓમાંથી ઉત્પન્ન થાય છે..... સહજ પ્રજ્ઞાની ભૂમિકામાં...... આલોકિત અને ઊર્ધ્વ-મનસમાં જઈને રહે છે. પૃ.૨૯૧**

**૧૧ અધિમનસનું સૌથી ઉચ્ચતર સ્તર એ અધિમાનસિક-વિજ્ઞાન છે. પૃ.૨૯૨**

**૧૨ મન અધિમનસનાં પ્રકાશથી છલોછલ બની જાય...... ત્યારે તેને.... અનુભૂતિ થાય છે જાણે દિવ્ય-સત્યમાં જીવન ધારણ કરતું હોય.**

**૧૩ અંતઃપ્રજ્ઞા આલોકિત મનથી ઉપર રહેલી છે, જેમાં સાક્ષાત્કારની પૂર્ણ શક્યતા તરફનું ઉદ્‌ઘાટન થયેલું હોય છે. પૃ.૨૯૩**

અતિમનસ એ દિવ્યપ્રકૃતિ દ્વારા પ્રગટ થતી આધ્યાત્મિક-ચેતના છે. તેમાં બધું જ પોતાના આત્માની અભિવ્યક્તિ સ્વરૂપ લાગતું હોવાથી જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન અને જીવ, જગત અને પ્રભુ વચ્ચેનો ભેદ નષ્ટ થએલો હોય છે અથવા પાર્શ્વભૂમિમાં જતો રહેલો હોય છે. એકતા જ અગ્રભાગે અનુભવાય છે તેને ઋત્-ચેતના કહે છે. કારણ - જગતમાં પ્રગટ થનારા બધાં જ સત્યોનાં બીજસ્વરૂપ સંકલ્પો (ઋતમ્) આ ચેતનાએ ધારણ કરી રાખેલાં હોય છે.

તેથી અતિમનસના જ્ઞાનને વિજ્ઞાન અથવા વિમળજ્ઞાન કહે છે. તેને ‘‘કૈવલ્યજ્ઞાન’’ પણ કહે છે. કારણ ત્યાં ‘કેવળ’ આત્માની જ લીલા અનુભવાય છે જે અભેદ અને અખંડ છે.

અતિમનસ પોતે સત્ય વાસ્તવિકતા છે, તેમાં પોતાને પ્રગટ કરવાની શક્તિસ્વરૂપ આવિર્ભાવ-શક્તિ છે. અર્થાત્ તે શક્તિસ્વરૂપ પણ છે. તેમ જ તેમાં

આયોજન પણ કરી શકે છે અર્થાત્ તે જ્ઞાનશક્તિ પણ છે.

અધિમનસ સુધી ભેદભાવ હોવાથી ત્યાં સુધી અજ્ઞાનનો પ્રદેશ ગણાય છે અર્થાત્ અચિત્‌નો પ્રભાવ ત્યાં સુધી પહોંચે છે ત્યાં દેવો પોતાને એકબીજાથી અલગ ગણે છે. સંવાદમાં કાર્ય કરતા હોવા છતાં વિશેષતાને જ વધારે મહત્વ અપાય છે.

અતિમનસમાં ભેદ ન હોવાથી ત્યાં સંઘર્ષ કે અથડામણ નથી તેથી ત્યાં પરાજ્ય જેવું પણ નથી. તે અજેય-શક્તિ છે. તેથી નીચનાં બધાં જ ચેતનાનાં સ્તરો ઉપર અજેયશક્તિ તરીકે જ કાર્ય કરે છે. પણ તે સમન્વય-માર્ગે કામ ગોઠવીને આગળ વધે છે. શક્ય એટલી રચનાત્મક ભૂમિકા જ લે છે. વિકાસ માટે તેમના પ્રત્યે જાગૃત ન થાય તો જ દબાણ લાવી તેને તે માર્ગે ધકેલે છે. દરેક સ્તરના સત્યને તે આ રીતે સમન્વય કરતાં-કરતાં, વધારે વિશાળ સત્યમાં જાગૃત કરતાં-કરતાં જ તેને ઉત્ક્રાંત કરે છે. અધિમનસમાં વૈયક્તિક પરમાત્માનો અને અવૈયક્તિક પરમાત્માનો ભેદ રહે છે. તેને પણ સમન્વયાત્મક રીતે વટાવી જાય છે. અધિમનસનાં પ્રદેશો દ્વારા જ અતિમનસમાં પ્રવેશ મળે છે.

ઉપર જણાવેલ વૈયક્તિક પરમાત્મા એટલે અવતાર નહિ પણ મૂળ સત્યનાં વિવિધ પાસાંઓને પણ અલગ અને સ્વતંત્ર ગણવાં એને વૈયક્તિક પરમાત્મા કહેવાય છે. દા.ત. સત્-ચિત્-આનંદ ત્રણે ખરેખર અવિભક્ત જ છે પણ તેમને ત્રણ અલગ પાસાં તરીકે અધિમનસની કક્ષાએ અનુભવાય છે. અધિમનસમાં દેવતા પોતાના સ્વરૂપને ચિત્-સ્વરૂપ ગણે છે, પોતાના જગતને પોતાના અલગ સત્-સ્વરૂપ ગણે છે અને તે જગતનો આનંદ ભોગવવાની પ્રક્રિયા આનંદને પોતાથી અને જગતથી અલગ ગણે છે; તેથી જ દેવોને પણ સંઘર્ષમાં ઉતરતા વર્ણવાય છે.

વળી વૈયક્તિક અને અવૈયક્તિક બન્નેમાંથી એક જ સત્ય છે. એવા વિચારો પણ ખોટા જ છે. તે પણ અધિમનસ-કક્ષાનાં જ ભેદો છે. ખરેખર, વૈયક્તિક અને અવૈયક્તિક એ તો અભિવ્યક્તનાં ભેદો છે, ન કે પરમાત્માના પોતાનાં. બન્ને એકરૂપ જ છે.

મનની ભાષાથી અથવા આધ્યાત્મિક મનની ભાષાથી પણ અતિમનસનું વર્ણન કરવું મુશ્કેલ છે. મન અંતસ્ફુરણાત્મક બની ગયાં પછી જ અધિમનસની ભૂમિકા ઉપર પહોંચે છે અને તેથી પેલેપાર અતિમનસ છે. અધિમનસ જ્યારે પોતાની અંદર રહેલી ભેદરેખાઓ (જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન અને વ્યક્તિ, જગત, પ્રભુ) નષ્ટ કરીને એકરૂપતામાં ઊધ્વારોહણ કરીને પ્રવેશે છે ત્યારે જ અતિમનસમાં પ્રવેશ મળે છે. તેથી પહેલાં વિવિધ દેવોને જે પરમાત્મતત્વ સ્વરૂપે સ્વીકારતાં તે વસ્તુ ભૂલભરેલી છે. કારણ તેમાં અધિમનસ અને અતિમનસ વચ્ચેનો ભેદ ધ્યાન બહાર રહેતો હતો. પણ દેવોને પરમાત્માનું એક આવિર્ભાવ-સ્વરૂપ સમજવું એ સાચો ખ્યાલ છે.

અધિમનસના સાક્ષાત્કારને કારણે મન વિશાળ બને છે, વૈશ્વિક-ચેતના પ્રત્યે તે ખુલ્લું થાય છે, વૈશ્વિક-બળોનું પોતામાં થતું કાર્ય તે સમજી શકે છે. અધિમનસનાં આંદોલનો પણ અન્ય કક્ષાનાં આંદોલનોની જેમ પોતાની વિશેષતા રાખે છે પણ તે સમજવા માટે તેમ જ તેમની શુદ્ધતા ટકાવવા માટે નીચેની શરતો પૂરી કરવી જરૂરી છે.

૧ નિમ્નચેતના સ્વચ્છ, શાંત અને પ્રકાશમય હોવી જરૂરી છે.

૨ વૈશ્વિક આયોજનનું જ્ઞાન અને તેના આંદોલનોનું કાર્ય સમજવા જરૂરી હોય છે.

૩ તેણે દૃઢ સંકલ્પ-બળ અને સર્જન-શક્તિ ધારણ કરેલાં હોવાં જોઈએ.

ઉપરની શરતોમાં કચાશ રહેશે તો નીચેનાં સ્તરોમાંથી અધિમનસનું આંદોલન પસાર થતાં જે તે કક્ષાની અશુદ્ધિઓને પણ સાથે લઈ આવશે અને તેથી વિકૃત બની જાય છે, નબળું પડી જાય છે.

અધિમનસનાં આંદોલનો અતિમનસના પ્રભાવને કાંઈક અંશે નીચે અવતરણ કરાવી શકે છે. પણ તેમાં પણ ઘટ તો અનુભવાય જ છે અને તે પ્રભાવી રીતે કાર્ય કરતું નથી. કારણ અતિમનસનું કાર્ય વ્યક્તિગત-પ્રકૃતિનાં ગુણદોષો અને વૈશ્વિકબળોની ક્ષમતા આ બન્નેની સમતુલા મુજબ કાર્ય કરે છે. વિરોધી-શક્તિઓ તે કાર્યમાં વધુ ઘટાડો લાવે છે. વળી ભૌતિક-પ્રકૃતિની સંમતિનો અભાવ પણ તેમાં બાધા નિર્માણ કરે છે. (ક્રમશઃ)

# જગતો અને સૂર્ય

(ઉપનિષદો - પૃ.૭૪-૮૩)

પ્રકરણ - ૮

1. In the third verse the Upanishad has spoken of sunless worlds... the soul entering into a blind gloom. It is a state of consciousness. P. 74
2. In Vedantic conception a world is only or condition of conscious being organised in... Seven principles of manifested existence. P. 74
3. The Upanishad admits three states of the soul. 1. Terrestial life in the body 2. Survival of self after death in other states. 3.Immortal existence beyond birth and death. The two formar appertain to becoming. The third in the non-Birth but enjoying becoming. P. 75
4. On the basis of rebirth man may aim at three objects beyond death. 1. More fortunate life upon earth. 2. Eternal enjoyment in ultra-terrestial world of light. 3. Transcendence of all universal existence first and second not final but intermediate object so long soul grows... P. 75
5. To attain the realisation the life of man upon earth is its appointed means. P. 75
6. After liberation the soul is free yet return to birth for the sake of others. P. 75

7. Vedantic thought didnot envisage rebirth as an immediate entry after death into a new body. P. 75
8. There is an interval in which it assimilates its terrestial experiences. P. 75
9. The vedantic heavens are states of light and soul's expansion. The self-obscuration and self-distortion are the nature of the hells. P. 76
10. Transcendence is the goal of the development Nirvana is extinction of the ego-limitations. P. 76
11. The desire of the exclusive liberation the soul has to abandon. P. 76
12. The Upanishad indicates two lines of actions leading to supreme vision. This is done under invocation to Surya and Agni. (Superme Truth and the divine will) P. 77
13. The hierarchy of the worlds is composed by a descending or involution and an ascending or evolving movement of spirit and matter respectively. P. 77
14. Spirit is sat (pure existence) chit (pure self-awareness) and Anand (pure delight) Spirit is (unified) triune basis. They are capable of separating. P. 77
15. (The separation and unification of) This potential complexity in the one... we call creation the world. (Bhuvana Bhav) P. 77
16. The power by which (Separation is done) is termed as Tapas or will inherent in the being. P. 78
17. The unity of triune belongs to the worlds of highest creation, the worlds of spirit. P. 78
18. Three formations of this 1. Satyaloka the world of pure

existence. (sat) 2. Tapoloka the world of pure self-awarness (chit) 3. The world of pure bliss (Ananda) In all these... multiplicity (separation) yet not created. P. 78

19. This self luminous oneness of conscciouness is surya's most blessed and highest form. P. 78
20. In the lower creation (the truine are separated) sat appears as matter, chit as life, Anand as mind. (Now they are not truine bur triple) P. 79
21. They appear as Lokas In these... worlds consciousness is divided in matter, vital, mind. P. 79
22. In the intermediate worlds the foundation of consciousness is its vast totality, where multiplicity no longer prevails. P. 80
23. The principle of Maharloka is Vijnana the vision of essence of forms. It is the vision of surya. P. 80
24. We can arrive at the truth if surya works in us to remove this brilliant formation of concepts replacing them by the self-vision. P. 81
25. From this it is necessary that the action of truth should be manifested in us (the triple should be repleced by triune) P. 81
26. Surya is pushan, fosterer, controller also. Yama controller should effect enlargement of its finest and highest vision. P. 81
27. Upanisad indicates two actions first, arrangement of the rays of surya i.e. Separate intutions' arrangement and see unity. P. 82

28. The intuitive knowledge of truth based upon total vision passes into the self luminous self vision of the surya ie the Atman. This is the Lord-Soham That I am. P. 83

ત્રીજા શ્લોકમાં અંધકારમય જગતનો ઉલ્લેખ ઉપનિષદ કરે છે. આગળ પાછા 'અંધ તમઃ'નો ઉલ્લેખ કરે છે.

વેદાંતમાં જગતો એટલે ચેતનાની અવસ્થાઓ. આવી સાત અવસ્થાઓ છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિના ન્યાયે તેમને તેવા લોકોનો અનુભવ થાય છે.

આવી ત્રણ અવસ્થાઓ હશે :

૧ ભૌતિક જીવનમાં જન્મેલા આત્માની સ્થિતિ.

૨ મૃત્યુ પછીની અન્ય સૂક્ષ્મલોકોમાંની આત્માની સ્થિતિ.

૩ જન્મમૃત્યુથી પર એવી સનાતન આત્માની સ્થિતિ.

પ્રથમ બે અવસ્થાઓ આત્માની ભવનક્રિયાનો જન્મમરણો અને વિકાસનો ભાગ છે. ત્રીજી અવસ્થામાં જન્મમરણ નથી.

ઈશોપનિષદ પુનર્જન્મના સિદ્ધાંતને સ્પષ્ટ રીતે જણાવતું નથી પણ સ્વીકારે છે.

આમ, પુનર્જન્મના સિદ્ધાંત મુજબ મરણોત્તર ત્રણ અવસ્થાઓની માનવ ઈચ્છા કરી શકે :

૧ પૃથ્વી ઉપર સમૃદ્ધ અને સુખી જીવન

૨ પરલોકમાં શાશ્વત ભોગોવાળું જીવન

૩ વિશ્વાતીત ચેતનામાં આરોહણ જ્યાં જન્મ-મરણ નથી.

ઉપનિષદો પ્રથમ બેને વચગાળાની અવસ્થાઓ તરીકે માને છે. અંતિમ ધ્યેય નહિ. કારણ મૃત્યુ બાદ તરત નવું શરીર ધારણ કરાતું નથી, પણ જીવનમાં મેળવેલ અનુભવોને પચાવવાનો ગાળો હોય છે. આ બધી જ અવસ્થાઓ અવિદ્યામય અંધકારમય જીવનમાંની જ છે એમ કઠોપનિષદ જણાવે છે. (અવિદ્યાયાં અંતરે વર્તમાનાઃ કઠ) (ક્રમશઃ)

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૯૧-૯૮)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વૈદિક ઋષિઓને મન જેમ અંધકાર અને અજ્ઞાન ઋત્‌ના વિરોધી શબ્દો છે તેમ પ્રકાશ અને પ્રજ્ઞાન પર્યાયવાચક શબ્દો છે. પૃ.૯૧

૨ દિવસ અને રાત્રિ વચ્ચે..... યુદ્ધ સ્વર્ગ-અંતરિક્ષ-પૃથ્વીના ત્રિલોક પર સ્વામીત્વ સ્થાપવા માટે, માનવપ્રાણીને મન-પ્રાણ-શરીરનાં બંધનોમાંથી મુક્ત કરી તેને મર્ત્યતામાંથી અમર્ત્યતામાં લઈ જવા માટે ખેલાય છે. પૃ.૯૧

૩ અવિભક્ત ચેતના - અદિતિ દેવોની માતા છે. ભેદમય વિભાજક ચેતના - દિતિ દનુ, દૈત્યોની, દાનવોની માતા છે. પૃ.૯૧

૪ અનંત તરીકે (અદિતિ) દિવ્ય મનને (વિવેકને) દક્ષને જન્મ આપે છે. પૃ.૯૧

૫ દક્ષને ત્યાં અનંત પ્રકાશમય ચેતનાસ્વરૂપ ગાય તરીકે અદિતિ જન્મે છે. પૃ.૯૧

૬ દિતિ-અદિતિ બંને બહેનો છે. પાછળથી પુરાણોમાંતેમને શોક્ય ગણી છે. પૃ.૯૨

૭ નિમ્ન-ચેતનામાં જન્મેલું દિવ્યમન ઈન્દ્ર છે. પૃ.૯૨

૮ અદિતિને સર્વવ્યાપક ચેતનાસ્વરૂપ વિષ્ણુની પત્ની કહેવામાં આવી છે. પૃ.૯૨

૯ ઈન્દ્ર જ ઋત્‌ના પ્રકાશસ્વરૂપ સૂર્યનો ઉદય કરાવે છે. પૃ.૯૨

૧૦ સપ્તવિધ સૂર્યનાં જળો, સ્વર્ગની વૃષ્ટિ, ઋત્‌નાં ઝરણાં, સ્વર્ગની સાત

મહાન દેવીઓ, (મહી) જ્ઞાનનાં જળો..... મનને પ્લાવિત કરે છે. પૃ.૯૩

૧૧ માનવમાં - આર્યકર્મો સ્થાપિત થાય છે ત્યારે..... ઋત્‌નો શબ્દ સંભળાય છે. દેવો અને પિતૃઓ જે માર્ગે ગતિ કરે છે તે માર્ગ નજરે પડે છે. પૃ.૯૪

૧૨ દેવોના રથોની ચક્રોની ગતિ ઋજુમાર્ગો ઉપર, વિશાળ સમતળ પ્રદેશો ઉપર હોય છે..... નિમ્ન અસ્તિત્વના માર્ગો વાંકાચૂંકા, ખાડાઓવાળા, સ્ખલનોવાળા હોય છે. પૃ.૯૪

૧૩ ઋત્‌ના માર્ગે ચાલનારા..... દેવોના સમૂહમાં વૃદ્ધિ પામે છે..... માનવ અસ્તિત્વમાં - દિવ્યસૃષ્ટિની વૈશ્વિક રચનાઓનું નિર્માણ કરીએ છીએ. પૃ.૯૪

૧૪ સૂર્ય..... પોતાની પ્રિયતમાની (ઉષાની) પાછળ પાછળ જતો પ્રેમી છે. પૃ.૯૪

૧૫ સૂ ધાતુનો અર્થ સર્જન કરવું, વિસર્જન કરવું, વેગ આપવો, નિર્મુક્ત કરવું એવો છે. પૃ.૯૫

૧૬ સૃષ્ટિ એટલે..... વિસર્ગ. પૃ.૯૫

૧૭ સૂર્યનાં બે કાર્ય છે - પ્રકાશયુક્ત દર્શના અને પ્રકાશયુક્ત સર્જના. પૃ.૯૫

૧૮ પ્રકાશની નિષ્ક્રિય બાજુઓનો ઉલ્લેખ કરવા - સૂર્ય (આદિત્ય) શબ્દ વપરાય છે. પૃ.૯૫ (સક્રિય બાજુ માટે સવિતૃ, પુષન્‌, ત્વષ્ટા, ભર્ગ, વગેરે)

૧૯ ત્વષ્ટા વસ્તુઓની રચના કરનાર કહેવાય છે. પૃ.૯૫

૨૦ સવિતૃ માનવમાં ઋત્‌ની રચનારૂપે પોતાને ચાર - દેવો મારફતે પ્રગટ કરે છે - વરુણ, મિત્ર, ભગ (સોમ), અર્યમા. પૃ.૯૫

૨૧ વૈશ્વિક અદિતિનાં દેહમાંથી આઠ પુત્રો જનમ્યા. તેમાંના સાત વડે દેવો તરફ ગતિ કરે છે. આઠમો પુષ માર્તંડને પોતાનાથી દૂર ફેંકી દે છે. માર્તંડ કૃષ્ણ-વર્ણનો છે. પૃ.૯૬

૨૨ સવિત્‌ - સૃષ્ટા છે. પૃ.૯૮ (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## કર્મ અને ધ્યાન

પ્રકરણ - ૨૯

(પૃ.૧૩૧-૧૩૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Concentration and meditation are not the same thing. One can be concentrated in work or Bhakti as well as meditation. P. 131

2 (My concentration) It is not for meditation divorced from life. When I concentrate, I work upon others... I am not asking to become a meditative Sanyasi. P 131

3 The ignorance underlying this attitude is in the assumption that... Either work is the means or meditation is the means... it belongs to the old Yoga. P. 131

4 Integral Yoga in which knowledge (light of consciousness of meditation) Bhakti (Anand and love or adoration) work (will and power in work or service of Divine) all have their place. P. 131

5 Meditation (knowledge) or Yoga (work) - both are equal. P. 131

6 It is mistake to argue from ones own very limited experience, ignoring that of others and build on it large generalisations about Yoga. P. 132

એકાગ્રતા અને ધ્યાન એક વસ્તુ નથી. એકાગ્રતા એ એવી એક મનોમય સ્થિતિ છે જે કોઈ પણ વસ્તુ માટે વ્યક્તિ વાપરી શકે છે. દા.ત. જ્ઞાનયોગમાં ધ્યાન માટે, ભક્તિયોગમાંનાં પ્રભુની વંદના માટે, કર્મયોગમાંના પ્રભુના કાર્યો માટે, તે સાંસારિક કાર્યો માટે પણ વાપરી શકાય છે. તે પ્રગતિ અને પતન માટે પણ વાપરી શકાય છે.

ધ્યાનનો શ્રી અરવિન્દ ખાસ અર્થ લે છે. અહીં તેમણે ધ્યાન માટે જ જ્ઞાન, ચેતનાનો પ્રકાશ, આ બે શબ્દો વાપરેલાં છે. ચેતનાના પ્રકાશમાં એકાગ્ર થવું એ જ્ઞાનમાર્ગનું પ્રમુખ સાધન છે, સાધના પદ્ધતિ છે.

શ્રી અરવિન્દ ભક્તિ માટે પણ વિવિધ શબ્દો યોજે છે. અહીં ભક્તિ માટે દિવ્યઆનંદ અને પ્રેમમાં એકાગ્ર થવું તેમ જ પ્રભુનાં ગુણગાન, પ્રાર્થનામાં એકાગ્રતા થવું તે માટે વાપરેલો છે.

તેમ જ કર્મ માટે તેમણે અહીં દિવ્યતત્ત્વના સેવાકાર્યમાં એકાગ્રતા અથવા કાર્ય કરવા માટે જરૂરી સંકલ્પ અને ક્ષમતામાં એકાગ્રતા માટે વાપરેલો છે.

સારાંશ, એકાગ્રતા એ બધે જ જરૂરી છે. પણ ધ્યાન એ જ્ઞાનયોગની સાધના પદ્ધતિ છે. જેમાં ચેતનાના પ્રકાશ સાથે જ એકરૂપતા સધાય છે.

શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ બધાંને જ યોગ્ય સ્થાન છે. તે જ તેની વિશેષતા છે. ફક્ત ધ્યાનયોગી બનવું અર્થાત્ જ્ઞાનયોગી બનવું એ એકાંગી યોગ છે. તે પૂર્ણ યોગનો આદર્શ નથી.

બધાં જ યોગોને પૂર્ણયોગમાં સ્થાન હોવાથી તે વધારે વિશાળતા ધારણ કરે છે.

લોકો પોતાને આવેલી મર્યાદિત આધ્યાત્મિક-અનુભૂતિઓના આધારે યોગ બાબત સર્વસાધારણ - સિદ્ધાંત તૈયાર કરે છે તે યોગ્ય નથી. ભિન્નપ્રકૃતિનાં અન્ય યોગીઓની અનુભૂતિઓને પણ ત્યાં યોગ્ય સ્થાન મળવું જ જોઈએ. આધ્યાત્મિક સંકુચિતતાને કારણે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. કર્મ કનિષ્ઠ છે અથવા કર્મ શ્રેષ્ઠ છે, જ્ઞાન કનિષ્ઠ છે, એવા ખોટા વાદો થાય છે. માનવી-મનની સંકુચિતતા આવી ખોટી આધ્યાત્મિક માન્યતાઓ રચે છે. તેમાંથી મુક્ત થવું જરૂરી છે. પૂર્ણયોગમાંના માનવી-સ્વરૂપમાંનાં બધાં જ તત્ત્વોનો સમાન અને સમન્વયાત્મક વિકાસ કરવા માટે આવી ઉદાર નીતિ અને સમજણ જરૂરી છે.

# રામના વંશજો

પ્રકરણ - ૧૧

એક ખેડૂત જંગલમાંથી જતો હતો ત્યારે એક અવાવરુ કુવામાં ખાબક્યો. બહાર નિકળવાની ઘણી કોશીષ કરી પણ કારી ફાવી નહિ. આ બધું સામેના ઝાડ ઉપર બેસેલો વાંદરો જોતો હતો. તેને આ માણસની દયા આવી તે ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને એક મજબુત વેલો કુવામાં ટીંગાડી પોતે પકડી રાખ્યો. માણસને ઈશારાથી વેલો પકડવા કહ્યું પછી વેલો ઉપર ખેંચી લીધો. પણ આ પ્રયત્ન કરતા અંધારું થઈ ગયું. વાઘની ત્રાડો સંભળાવા લાગી. ઝાડ પર ચડવા ઈશારો કર્યો. તેને મદદ પણ કરી. ત્યાં માણસના ગંધથી આકર્ષાઈને વાઘ ઝાડ નીચે આવ્યો. તેનું ધ્યાન ઝાડ ઉપરના વાંદરા અને ખેડૂત ઉપર ગયું. તે ત્યાં જ ઝાડીમાં બેસી ઘૂરકીયા કરવા લાગ્યો.

આખો દિવસના મથામણથી ખૂડૂતની આંખ ઘેરાવા લાગી. વાંદરાએ કહ્યું, ''ભાઈ તું મધરાત સુધી સુઈ જા. પછી તું જાગજે.'' ખેડૂત સુઈ ગયો.

વાઘ બોલ્યો, ''હે વાંદરા આપણે બન્ને વનવાસી. આ માણસની જાતનો ભરોસો ન કરાય. તું તેને ધક્કો મારી નીચે પાડી દે, હું તેને ખાઈને ચાલ્યો જઈશ.''

''ભાઈ વાઘ, તે શક્ય નથી. મેં તેને બચાવ્યો છે. હમણાં મારા વિશ્વાસે તે સૂતો છે, હું વિશ્વાસઘાત નહિ કરું.''

મધરાત થઈ વાંદરાએ માણસને જગાડ્યો. પોતે સૂતો પણ વિચાર આવ્યો વાઘ ખોટું તો કહેતો નથી જ. તેથી લાવ જાગતો જ રહું.''

વાઘને વાંદરો સુઈ ગયો તેની ખાતરી થતા તે માણસને બોલ્યો, ''ભાઈ, તું નકામો હેરાન થાય છે. આ સૂતેલા વાંદરાને ધક્કો મારી નીચે પાડી દે. હું તેને ખાઈને ચાલ્યો જઈશ, પછી સવારે તું પોતાના ગામ ચાલ્યો જજે.''

ખેડૂતને લાગ્યું, વાઘને વાંદરો પધરાવી દઉં, તો મારો માર્ગ મોકળો થશે. તે બોલ્યો, ''પણ વાઘભાઈ, તમે મને રસ્તામાં મળી જાવ તો છોડશો તેની શી

(અનુ.પૃ.૩૨ ઉપર)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૩

## અધિમનસની આવશ્યકતા

સમજૂતી – કમલેશ માંડવિયા

- અતિમનસના યાને વિજ્ઞાનમય ચેતનાના અવતરણની શક્યતા ઉભી થાય તે પહેલાં સાધકે અધિમનસને, યાને દિવ્ય મનીષાની ભૂમિકાને પ્રાપ્ત કરવી તથા તેનું અવતરણ કરાવવું આવશ્યક છે. પૃ.૩૦
- કારણ કે મનોમય ચેતનામાંથી અતિમનસમાં આરોહણ કરતા પહેલાં એ બંને સાંધનાર અધિમાનસ રૂપી સેતુ ઉપર થઈને સાધકને પસાર થવું પડે છે. પૃ.૩૦
- સર્જક સત્યની જુદી જુદી રચનાઓ અધિમનસની ભૂમિકામાંથી આપણી આ પાર્થિવ સૃષ્ટિમાં આવે છે. પૃ.૩૦
- (એ)..... પ્રકાશિત મન, તથા ઊર્ધ્વ મનની ભૂમિકાઓમાં..... પછી..... બુદ્ધિ વડે ગ્રાહ્ય થાય છે..... પૃ.૩૧
- માર્ગમાં એ સત્યની અંદર રહેલી શક્તિ અને નિશ્ચિતતા પણ ક્રમે ક્રમે ઘટતાં જાય છે. પૃ.૩૧
- ..... કારણકે માનવ બુદ્ધિ આગળ એ સત્યની રચનાઓ તર્કથી સિદ્ધ થનાર એવા અમૂર્ત વિચારો રૂપે જ પ્રતીત થતી હોય છે. સાક્ષાત્કૃત સત્ય તરીકે, કે પ્રત્યક્ષ દર્શન રૂપે, એટલે કે શંકાતીત, ઘન અનુભૂતિયુક્ત ક્રિયાત્મક દર્શન રૂપે જણાતી નથી. પૃ.૩૧

શ્રી અરવિન્દ અહીં અધિમનસની વ્યાપક આવશ્યકતા વિશે સમજાવી રહ્યા છે.

સાધક પોતાની સાધના મનથી શરૂઆત કરે છે, અને ધીરે ધીરે તે પોતાના અનેક ભાગો અને વિભાગોથી પરિચિત થતો જાય છે. આ ભાગોમાં તે પોતાના સ્વરૂપ વિષે સભાન બનતો જાય છે. તે અનુભવે છે કે તે અનેક રચનાઓનો બનેલો છે, મનોમય, પ્રાણમય, અન્નમય (શારીરિક). આ રચનાઓમાં સભાનતાથી પ્રવેશતા તે અનુભવે છે કે તેના સ્વરૂપનાં અનેક ભાગો વિષે તો તે સાવ અજાણ છે. અને પછી ધીરે ધીરે તે સમજતો થાય છે કે તેના સ્વરૂપનો એક ભાગ વિજ્ઞાનમય કોશ પણ છે - અતિમનસ પણ છે. તે હવે પૂર્ણયોગનાં મૂળભૂત સિદ્ધાંત અને અનુભૂતિ માટે જાગ્રત બને છે, તે માટે પ્રયત્ન કરતો થાય છે. બુદ્ધિએ સમજેલું, મને વેરવિખેર અનુભવેલું. પ્રાણમાં સ્પંદિત થયેલું જ એક સાથે તે પોતાના પ્રયત્નોમાં જોડતો જાય છે.

સર્વ સામાન્ય સાધકની એવી સમજ હોય છે કે મનોમય ભૂમિકામાંથી સીધા જ અતિમનસમાં પહોંચી જવાય છે, સીધો જ કૂદકો લગાવી શકાય છે. માનવ (મનોમય) ભૂમિકા અને અતિમનસ વચ્ચે એક દેવતાઈ સૃષ્ટી આવેલી છે અને તે છે અધિમનસની ભૂમિકાઓ.

આ અધિમનસની ભૂમિકાઓને માનવમાં અવતરણ કરાવ્યા સિવાય અતિમનસમાં પહોંચી શકતું નથી. એટલે કે સાધકે અધિમનસની ભૂમિકાઓમાંથી પણ પસાર થવું જ પડે છે.

સર્જક-સત્ય (Creative Truth) અતિમનસમાં સ્વયં સિદ્ધ હોય છે. જ્ઞાતા, જ્ઞાન અને ક્રિયા / જ્ઞેય એક ભૂમિકાના જ જુદા જુદા પાસાં હોય છે. જેમ હીરાના અનેક પાસાંઓ હોય છે તે જ રીતે. આ જ સર્જક-સત્ય જેમ જેમ નીચે ઉતરતું જાય છે તેમ તેમ તે તેની મૂળભૂત શક્તિ અને સત્ય ગુમાવતું જાય છે, એટલે કે નીચેની ભૂમિકાઓમાં આ સર્જક-સત્ય પોતાને આચ્છાદિત કરતું જાય છે. અને છેવટે જ્યારે તે માનવ મનમાં પ્રગટ થાય છે ત્યારે બુદ્ધિ તેને એક તર્ક કે શુષ્ક વિચાર સ્વરૂપે જુવે છે અને તે મુજબ માનવને કાર્યમાં જોતરે છે.

આ અવતરણની શ્રેણીમાં પ્રકાશિત મન, પ્રેરણાત્મક મન, શુદ્ધ મન પણ મનોમય ભૂમિકાઓની જ સીડીનાં પગથિયાઓ છે. શ્રી અરવિન્દનો ૨૪મી નવેમ્બરે, ૧૯૨૬નો સાક્ષાત્કાર એ જ અધિમનસનો સાક્ષાત્કાર છે, શ્રી કૃષ્ણ

ચેતના જે ફક્ત અવતારી પુરૂષોમાં જ અભિવ્યક્ત હતી તે હવે દરેક માનવ માટે શક્ય છે. ઉત્ક્રાંતિમાં પ્રવેશીને દરેક માનવમાં કાર્યરત છે. ઉત્ક્રાંતિમાં એક નવું જ પગલું છે. આ છે સિદ્ધિ-દિનનું મહત્ત્વ.

શ્રી અરવિન્દ સાવિત્રી મહાકાવ્યમાં આ અધિમનસ જગત માટે, દેવતાઈ સૃષ્ટિ માટે જણાવે છે કે :

High architects of possibility
And engineers of the impossible,
Mathematicians of the infinitudes,
And theoricians of unknowable truths,
They formulate engima's postulates,
And join the unknown to the apparent worlds.
(savitri Pg. 268)

ભાવાનુવાદ :
સ્થપતિઓ મહાન શક્યતાઓના ઊર્ધ્વ કેરા,
ઘડવૈયાઓ અમાપ દિવ્ય-સૃષ્ટિ તણાં,
ગણિતજ્ઞો અનંતના એ, દાતાઓ અજ્ઞેય-સત્ય તણાં,
કંડારતા, ઉકેલતા ઉત્ક્રાંતિ કેરો યક્ષ-પ્રશ્ન,
દિવ્ય-સૃષ્ટિ જોડતા, આ માનવ જગતે પ્રત્યક્ષ.

---

(અનુ.પૃ.૨૯ ઉપરથી) **જાતક કથાઓ**

ખાતરી?''

''જો ભાઈ, ભરપેટ વાઘ કોઈને તકલીફ આપતો નથી. તેની ઊંઘમાં ખલેલ ન પડવી જોઈએ. એટલું ધ્યાન રાખવું પડે. હું તને અભયદાન આપું છું''

ખેડૂત બોલ્યો, ''કબુલ''

તે જેવો વાંદરાને ધક્કો દેવા તેની પાસે ગયો કે વાંદરો તો તરત કૂદીને ઊંચી ડાળીએ જઈ બેઠો. બોલ્યો, ''મને લાગ્યું રામની જાતના આ બધાં માનવો રામ જેવા જ હશે. પણ મેં થાપ ખાધી. હવે એક કામ કર. મારે તારું વેર લેવું નથી, પણ સવાર થતા ચાલ્યો જજે. તે તો માનવ જાતને લજવી.

વાઘ નિરાશ થઈને ચાલ્યો ગયો.

સવારે ખેડૂતે પોતાનો માર્ગ પકડ્યો. રસ્તામાં વાઘ તેની વાટ જોતો જ હતો.

## સાંજના વાર્તાલાપો
- શ્રી અંબુભાઈ પુરાણી

# લોકોની ખોટી માન્યતાઓ

(૬-૩-૨૬) (પૃ.૧૮૭-૧૮૮)

પ્રકરણ - ૩૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(બે જણે પોતે દિવ્ય-લગ્ન કરવાનાં છે તે માટે શ્રી અરવિન્દના આશિર્વાદ મંગાવેલા તે માટે પત્ર અને બન્નેનાં ફોટા મોકલાવેલાં)

શ્રી અરવિન્દ : આ બાબતમાં મારે કાંઈ કહેવાનું નથી. છોકરીએ પતિની પસંદગી કરવાની છે મારે નહિ, દિવ્યલગ્નમાં જાહેરાત અને આયોજન જેવું હોતું નથી. તે સહજ બની જાય છે. સાચા અર્થમાં લગ્ન સંપૂર્ણ રીતે દિવ્ય હોઈ શકે કે નહિ, તેમાં જ મને શંકા છે.

શિષ્ય : અતિમનસ કક્ષાના દિવ્યલગ્ન એવી વાતો કરે છે.

શ્રી અરવિન્દ : પોતે અતિમનસમાં પ્રથમ પહોંચવું જરૂરી છે. જો પોતે ખરેખર ત્યાં પહોંચે તો પત્નીને ત્યાં ઢસડી જવાનો પ્રયત્ન નહીં જ કરે. આ બધું જોતાં એમ લાગે છે કે આ મૂર્ખાઓની દુનિયામાં અતિમનસના અવતરણનો પ્રયત્ન કરવાની મૂર્ખાઈ મે શા માટે કરી હશે. શું કરીએ, મુર્ખાઓ તો બધે જ હોય છે.

શિષ્ય : વિવેકાનંદની સ્મૃતિમાં એક લેખ કોઈએ મોકલ્યો છે. તેમાં ચાર પુરુષાર્થોની વાત કહી છે. ભાષા આવેગમય અને જવલંત છે. તમને શું લાગે છે કે તેમની ભાષાના આવેગને કારણે લોકો તેમના વિચારો પણ માન્ય કરશે ?

શ્ર અરવિન્દ : લોકોની પ્રાણમય ભાવનાઓને ઉશ્કેરીને વિચારમાન્ય કરાવવાની આ યુક્તિ છે.

શિષ્ય : સુરેન્દ્રનાથ બનેર્જીનું પણ તેવું જ હતું.

શ્રી અરવિન્દ : લોકોને પ્રાણમય ઊર્મિઓની ઝણઝણાટી જોઈએ છે બીજું કાંઈ નહિ.

શિષ્ય : તો શું વકતૃત્વ એ કલા માત્ર છે.

શ્રી અરવિન્દ : ના, તેમાં પણ વિચાર તો હોય જ છે. પણ તેમાં પ્રાણમય જોશ પૂરેલો હોય છે. સામાન્ય લોકોને કાર્ય કરવાની પ્રેરણા આપવા તેનો વ્યવહારુ ઉપયોગ હોય છે. સામાજિક મત રચવા તેની જરૂરિયાત જણાય છે.

# અતિમનસના પરિણામની શરૂઆત - ૪૦

(૪-૪-૨૪) (પૃ.૧૯૩-૧૯૪)

પ્રકરણ - ૪૦

શિષ્ય : ભાગવતમાં માનસિક તથા બીજી સૂક્ષ્મ ભૂમિકાઓ પરનાં સત્વોનું વર્ણન આવે છે. અતિમનસ યોગ સિદ્ધ થશે ત્યારે તેમની સાથેનાં આપણા સંબંધો કયા પ્રકારનાં હશે?

શ્રી અરવિન્દ : આપણા સાથેનો તેમનો સંબંધ પણ બદલાશે. જેટલા તમારી સાથે સંબંધમાં આવશે તેટલા પ્રમાણમાં તેઓ પલટાઈ જશે. પણ આપણી સાધનાથી તેઓ સંબંધમાં આવ્યા વગર પલટાઈ જઈ શકે નહીં.

જગતની લીલા માટે વિવિધ ભૂમિકાઓ જરૂરી છે. દરેક ભૂમિકાની પોતાની નિયતિ છે જે તેણે પૂર્ણ કરવાની છે. તેમની ઉત્ક્રાંતિ તે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે જ હોય છે. તેમનો પોતાનો પૂર્ણતાનો તે માર્ગ હોય છે.

શિષ્ય : અતિમનસ યોગની પૂર્ણતા પાર્થિવભૂમિકા ઉપર શું પરિણામ કરશે? વિશ્વના નિયમો તેથી શું બદલાશે?

(અનુ.પૃ.૧૬ ઉપર)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા
## સોમ

પ્રકરણ - ૮

(ક્રમશઃ)

અમાસને દિવસે સોમનો સ્વતંત્ર પરિણામ જણાતો નથી પણ પરિણામ સૂર્યના આધ્યાત્મિક આનંદમાં ભળી જાય છે. તેથી અલગ કરવો મુશ્કેલ છે. અમાસ એટલે સાધકના પાચન સમયનો તબક્કો જેમાં બાહ્ય ચેતનામાંથી સાધના આંતરિક સ્તરે ડૂબીને કાર્ય કરતી હોય છે. તેથી ઐ. બ્રાહ્મણ જણાવે છે કે અમાસને દિવસે સોમ સૂર્યમાં પ્રવેશી ગએલો હોય છે. ચન્દ્રમા વા અમાવસ્યામાંદિત્યમનુ પ્રવેશતિ (૮.૨૮) નક્ષત્રોમાં જ ચન્દ્રમાને, સોમને ગણવામાં આવે છે. તે નક્ષત્રોમાં મુખ્ય છે. ચન્દ્રમા..... નક્ષત્રાણાં પ્રતિષ્ઠા (તૈત્તિ. બ્રા. ૩-૧૧-૧-૧૨) અથર્વ વેદમાં ચન્દ્રમા અને સૂર્યને દોડતાં નાના બાળકો સાથે સરખાવ્યા છે જેમાં કોઈ વખત સૂર્ય તો કોઈ વખત ચન્દ્ર આગળ પાછળ રહી જાય છે. તે રમતથી જ ચન્દ્રમા ઋતુઓ નિર્માણ કરે છે.

-પૂર્વાપરં ચરતો માયૈતૌ શિશૂ ક્રીડન્તો.....

-અન્યો (ચન્દ્રમા) વિદધજ્જાયસે નવઃ (અથર્વ-૭-૮૬-૧)

સોમરસ (સૌમ્ય આનંદ) આપવો એ સોમનું કામ છે. સોમ વનસ્પતીઓનો રાજા છે. સોમં નમસ્ય રાજાન્ - સોમને અમૃતના પુત્ર ગણેલ છે. સોમો રજાડમલસુત (ઋ.યજુ. ૧૯-૭૨) સાચો સોમ તો યજ્ઞ જાણનારા બ્રાહ્મણો જ પીવો જાણે છે. કારણે તે સોમ દ્યોમાંથી અંતરિક્ષ દ્વારા પૃથ્વી પર વરસે છે. તે પવમાન, પાવન કરનાર સોમ છે. દિવસ્પર્યત્ત રિક્ષા - પૃથિવ્યા અધિ સાનવિ (ઋ. ૯-૬૩-૨૭) અથવા ઇન્દુઃ સોમઃ પવતે અમૃત (અથર્વ સા.ભા. ૧૮-૩-૫૪).

સોમારુદ્ર યુગ્મ-દેવતા ઔષધિઓનાં જાણકાર હોવાથી સાધકના શરીરમાંના મળ - વિકારો કાઢી નાખે છે અને તેમને નિરોગી બનાવે છે. સૌમ્ય

તેજનાં ધ્યાનમાંની આંતરિક - એકાગ્રતા આ વસ્તુ આપે છે. એમ અહીં જણાવેલ છે. તે બન્ને આ આયુધો તીક્ષ્ણ છે, તેથી પરિણામ કારક છે. તિગ્માયુધો તેમજ તેઓ તીવ્ર આનંદ આપનારાં છે તિગ્મ હેતી (અથર્વ ૫-૬-૫)

મનના સૌમ્ય પ્રકાશને સોમ કહે છે. આ સોમરસનું પાન કરીને જ આપણો આત્મદેવ, ચૈત્યપુરુષ પોષણ મેળવે છે. તેથી દેવાઃ જ્યોતિઃ અશુ મહિ - દેવો જ્યોતિને પ્રાશન કરીને પોષણ મેળવે છે એમ કહ્યું છે.

આ પ્રકાશ મનને પ્રેરણા આપે છે તેથી તેને 'મનસ્પતિ', મનનો સ્વામી પણ કહ્યો છે. તેનું રહેઠાણ બુદ્ધિમાં છે. જેને 'પ્રતિભા' કહેવાય છે. પ્રતિભા એટલે પ્રકાશનું તેજ ધારણ કરેલી બુદ્ધિ તેથી સોમને 'ધિયાહિતઃ' બુદ્ધિમાં રહેનાર પણ કહ્યો છે.

આ સૌમ્ય પ્રકાશ પછી સમગ્ર વિશ્વમાં ફેલાઈ જાય છે અને નિરાકાર પ્રકાશમય ચેતના તરીકે અનુભવાય છે. જેને વેદો આપ, અપઃ અર્થાત્ પાણી કહે છે. પછી તે પ્રકાશ વધુ ઝળહળતો બને છે તેને 'સૂર્ય' કહે છે. આમ આપમાંથી સૂર્ય જન્મે છે તેથી વેદો જણાવે છે 'જનયન્ અપ્સુ સૂર્યમ્'

સોમ જ સાધકને તેની સાધનાનો માર્ગ દર્શાવે છે તેથી તેને ગાતુવિત્ - માર્ગનો જાણકાર કહ્યો છે. તે સાધના બાબતમાં - સદા જાગૃત તત્ત્વ હોવાથી તેને 'દેવેષુ જાગૃવિઃ' દેવોમાં જાગતાદેવ કહ્યાં છે.

સોમ ઊર્ધ્વક્ષેત્રમાં પ્રગટ છે પણ નિમ્ન ક્ષેત્રોમાં પણ અપ્રગટ રીતે રહેલો જ છે. તે સમગ્ર વિશ્વમાં પ્રવેશીને રહેલો છે (વિશ્વા ધામાન્યવિષત્)

સોમના ધ્યાનથી વિકારો નબળા પડે છે. તેથી તેને શત્રુઓનો નાશ કરનાર 'રિશાદા' કહ્યો છે. તે અહંકારની મર્યાદાઓને ભાંગી નાખે છે અને તેની ભાવના કે તે શરીરરૂપી પૂરમાં જ રહે છે. તેને નષ્ટ કરે છે તેથી તેને પૂરનો ભેદનાર 'પૂર્ભિત' કહ્યો છે.

સોમ સહસ્ત્રાર ચક્રમાં આનંદને પ્રગટાવે છે તેથી તેને જનયત્ રોચના દિવો કહે છે. દિવો એટલે સહસ્ત્રાર. ચન્દ્ર રોચના એટલે આનંદ.

સોમના તૈયાર કરેલા માર્ગે જ અન્ય દેવો સાધકના સ્વરૂપમાં પ્રવેશી પોતાનું કામ કરે છે. તેથી સોમ અન્ય દેવતાઓને પિતાની જેમ રાખે છે, એમ જણાવેલ છે.

(પિતા દેવાનામ્) આ રીતે સાધકના સાધનારૂપી યજ્ઞમાં જ્યોતિ પ્રગટાવનાર સોમ છે. તેથી તેને 'જ્યોતિર્યજ્ઞસ્ય' કહેલ છે.

સોમના પ્રકાશને કોષોની ચેતના જેને 'વસુ' કહે છે, તે ઝીલે છે અને ધારણ કરે છે. તેથી તેનો પોતાનો કોષોમાં જ રહેવાનો મર્યાદિતભાવ તુટી જાય છે અને તે વૈશ્વિક ચેતનાને, વિભુને અનુભવે છે. તેથી સોમને વસુમાંથી વિભુ જન્માવનાર કહ્યો છે (જનિતાવિભુ વસુ) આ રીતે શારીરિક ચેતના સ્વરૂપ વૈશ્વાનરને સોમની ધવલશુભ પ્રકાશ વિશાલતા આપે છે ''શુક્ર જ્યોતિ વૈશ્વાનરં બૃહત્ અજીજનત્''

આ રીતે સોમ સમગ્ર સ્વરૂપમાંના (વિશ્વ) દોષો નષ્ટ કરે છે. તેથી તેને 'વિશ્વાનિ દુરિત હર' કહ્યો છે. તે પછી તે ભૌતિક શરીરનો પ્રકાશ સહસ્રારમાંના ઋત્-ચેતનાના ઉદ્‌ભવ સ્થાનમાં આવી મળે છે (ઋતસ્ય યોનિ આશુસીદતિ) અને પછી તે વિશાળ પ્રકાશ ચાર ચેતનાના સ્તરોને રચે છે. અતિમનસ, સત્, ચિત્ અને આનંદ (વ્યોમનિચત્વારિ અન્યા ભુવનાનિ નિર્નિ જે)

આમ સોમ આનંદનો મહાસાગર રચે છે અને તેનો તે માલિક બને છે (રાજા સિંધુનામ્) તે અગ્નિને ચેતવે છે. પ્રકાશમય ચેતનાને ખીલવે છે (જનિતા અગ્નેઃ) તે ઉર્ધ્વગમનની યાત્રાનો રાજા બની જાય છે (વૃજનસ્ય રાજા)

---

( પૃ.૩૭ ઉપરથી)

## શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

શ્રી અરવિન્દે પરમાત્મા પાસેથી જે મોટામાં મોટું વરદાન માંગ્યું, એ જ તો શ્રી અરવિન્દની માનવજાતિને સહુથી મોટામાં મોટી ભેટ છે. અત્યાર સુધી કોઈએ પણ આવું વરદાન ભગવાન પાસેથી માંગ્યું નથી કે જડદ્રવ્યમાં પ્રભુની ચેતના સક્રિય બને અને જડદ્રવ્ય દિવ્ય બને, એટલે કે આ દેહ અને દેહની કૃતિ દિવ્ય બની જાય. શ્રી અરવિન્દે અતિમનસ ચેતનાને દેહની ભૂમિકામાં ઊતારી અને સક્રિય કરી જડતત્ત્વને દિવ્ય બનાવવાનો માર્ગ કંડારી આપ્યો. અત્યાર સુધીમાં જે જે ઉગ્ર તપશ્ચર્યાઓ અને કઠોર સાધનાઓ થઈ છે, તેમાં આ અનોખી સાધના છે. પ્રકૃતિને બદલવાનો, રૂપાંતરનો નવો જ યોગ છે. જે અતિમનસના અવતરણ દ્વારા સિદ્ધ કરી શકાય છે. તો અતિમનસ શું છે અને તેનાં લક્ષણો અને કાર્યપદ્ધતિ વિશે જાણવું જરૂરી છે.(ક્રમશઃ)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન
- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# શાંત અને સ્વસ્થ બનવાની કળા

પ્રકરણ - ૩૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 122)

આજનો યુગ ધમાલિયો છે. માણસને નાની નાની વાતમાં ટેન્શન આવી જાય છે. તે અસ્વસ્થ અને ઉગ્ર બને છે અને પોતાને જ નુકસાન કરી બેસે છે.

અશાંતિ એ નિર્બળતાની નિશાની છે. બળવાન માણસ શાંત, સ્થિર અને આત્મવિશ્વાસથી ભરપૂર રહેતો હોય છે.

શાંતિ એટલે કર્મનો અભાવ નહિ, શાંતિ એટલે જડતા પણ નહિ. શાંતિ એટલે નવરાધૂપ બની બેસવું એ પણ નથી. તો શાંતિ શું છે? તે કેવી રીતે મેળવવી?

માનવના સ્વરૂપનાં દરેક સ્તરે શાંતિનો અનુભવ થઈ શકે છે. શારીરિક, પ્રાણમય, માનસિક ત્રણે પ્રકારની શાંતિ હોય છે.

માનસિક શાંતિમાં મનમાં સંવાદમય વિચારો જ આવતા હોય છે તે પ્રકાશમય હોય છે અર્થાત્ તેની દ્વારા ઊર્ધ્વ ચેતના પ્રગટ થતી હોય છે. તે જરૂરી પૂરતા જ આવે છે. તે વિચારોથી મનને પોષણ મળતું હોય છે. મન પ્રસન્ન અને તરોતાજા, ભર્યુંભર્યું લાગે છે. આને જ માનસિક શાંતિ કહે છે.

આથી વિરુદ્ધ એક બીજા સાથે સંઘર્ષમાં આવતા ઉગ્ર વિચારો, તેમની દ્વારા અવચેતન અને વિષાદની મન ઉપર પકડ. મનમાં ઉદાસીનતા, થાક, ભાર, અસ્વસ્થતા એ માનસિક અશાંતિના લક્ષણ છે. માનસિક અશાંતિમાં વિચારોના ચક્રવાત રચાતા હોય છે.

પ્રાણમય શાંતિમાં પ્રાણમાં ઉદાત્ત, ભવ્ય ભાવો જાગે છે. તેના સંવેદનોથી

પ્રાણને પોષણ મળે છે. તે સંતુષ્ટ થાય છે. પ્રાણમાં પૂર્ણ સંવાદમય લય સ્થપાય છે, આવેગોનો તદ્દન અભાવ હોય છે. વાસનાઓ શાંત બની ગઈ હોય છે, પ્રાણમય અશાંતિમાં મલીન, પશુતુલ્ય આવેગોના ઝંઝાવાતો જાગે છે. પ્રાણ ધમપછાડા મારે છે. તીવ્ર સંવેદનો માટે વલખતો હોય છે અથવા વિષાદમાં ઘેરાઈને સુનમુન પડ્યો રહે છે. અવચેતનમાંથી આવેગો અને વાસનાઓનાં પૂર ઉતરી પડતાં લાગે છે. હૃદય અતૃપ્ત લાગે છે.

શારીરિક શાંતિમાં શરીરના કોષોમાં તૃપ્તિ અને આનંદ છલકાતો હોય છે તેઓ સહજ રીતે કાર્ય કરતા હોય છે. તેઓમાં ભય કે ધ્રુજારી હોતા નથી. ચિંતા કે તાણ પણ હોતા નથી. આપસમાં સહયોગ હોય છે. કોષે કોષે નિરામયતા અનુભવે છે. શારીરિક રીતે સ્વસ્થ લાગે છે.

શારીરિક અશાંતિમાં કોષોમાં શક્તિક્ષય થતો તેઓ અનુભવે છે. તેમની ઉપર અત્યાચાર થતો હોય એવો તેમને અનુભવ થાય છે, થાક અનુભવે છે.

મન, પ્રાણ અને શરીર ત્રણેને પોષણ ઊર્ધ્વ-ચેતનામાંથી જ મળતું હોય છે. તેથી તમને આવી અશાંતિમાંથી ઉગારવા તેમનો ઊર્ધ્વકક્ષાએ ઉઘાડ લાવવો જરૂરી છે. આવો ઉઘાડ ઊર્ધ્વ ચેતનાનો પ્રકાશ અને શક્તિ નીચે અવતરણ કરાવવામાં મદદરૂપ થાય છે. આ પ્રકાશ અને શક્તિ તેઓમાં સંવાદિતા લાવી તેઓમાં શાંતિ સ્થાપિત થાય છે. આને જ શાંતિનું અવતરણ કહે છે. આપણે આવું શાંતિનું અવતરણ કરાવતા શીખવું જોઈએ. તેમ જ તે શાંતિને ધારણ કરવા માટે મન, પ્રાણ, શરીરને કેળવવા પણ પડે છે. એક વખત ઊર્ધ્વમાંથી આવું પોષણ મેળવવાની પદ્ધતિ જડી જાય પછી તેને પુનરાવર્તનથી કાયમી કરી શકાય છે.

મનમાં પ્રકાશ ધારણ કરવો, પ્રાણમાં શાંતિ મંત્રના આંદોલનો નિર્માણ કરી તેને એકાગ્ર કરવો અને શરીરને સ્થિર અવિચળ રાખવું. આ ત્રણે વસ્તુ એકી સાથે આમાં કરવાની હોય છે. માતાજી કહે છે કે 'ૐ શાંતિ' આ મંત્રનો ધીમે અને સ્વસ્થતાથી જપ કરતાં ત્રણે તત્ત્વો તેના આંદોલનો ધારણ કરીને શાંત થતા અનુભવાય છે. મન, પ્રાણ શરીરમાં નીરવતા સ્થાપવી એ મહત્વનું છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## આત્મસમર્પણ

પ્રકરણ - ૬

(પૃ. ૧૬-૧૯)

૧ **શું આત્મસમર્પણ વગર સ્વરૂપનું રૂપાંતર શક્ય નથી ?**

તે રૂપાંતર સમગ્ર સ્વરૂપનું થતું નથી. અને અધૂરું અને આંશિક બની જાય છે.

૨ **સાધકમાં સાચા સમર્પણની શરૂઆત ક્યારે થાય છે ?**

જ્યારે તે 'સાચી રીત'નું સમર્પણ કરે છે ત્યારે. સાચી રીતનું સમર્પણ એટલે પ્રભુ જ પોતાની દ્વારા કાર્ય કરી રહ્યાં છે. પોતે એક કરણ માત્ર છે એવી પ્રત્યક્ષ અને સાચી અનુભૂતિ સ્વરૂપ ખાતરી તેને થઈ જાય છે તે પ્રકારનું સમર્પણ.

૩ **સાચું સમર્પણ કઈ રીતે સિદ્ધ થાય છે ?**

અહંકાર અને કામનાઓના વિલયથી પોતાનું સ્વતંત્ર અલગ અસ્તિત્વ ન રહેતા તે શરૂઆતમાં કરણરૂપ બની જાય છે અને અંતે તદ્રુપ જ બની જાય છે. ત્યારે સાચું સમર્પણ સિદ્ધ થાય છે.

૪ **સાચા સમર્પણના નિર્ણયથી જીવન બદલાઈ રહ્યું છે. તેની નિશાની શું હોય છે ?**

સાધક દિવ્ય પ્રભાવને બિનશરતી સ્વીકારે છે. તેની વિરુદ્ધ બંડ પુકારતો નથી. માગણી અને શરતો પણ મૂકતો નથી. તેમજ અદિવ્ય પ્રભાવોને મુદ્દલે પ્રતિસાદ આપતો નથી. એ તેની નિશાનીઓ છે.

**૫ આત્મ સમર્પણનો દૃઢ સંકલ્પ વારંવાર કરવા છતાં શું જૂની ટેવો પુનરાવર્તન કરી બાધા નાખતી નથી?**

જ્યાં લગી સંપૂર્ણ સમર્પણ સિદ્ધ ન થાય યાં સુધી એવી ઘટનાઓ બનતી જ હોય છે. સમર્પણ વધતા તે ઘટતી જાય છે.

**૬ આત્મ સમર્પણને તાત્કાલિક અસરકારક બનાવવાનો ઉપાય શું?**

તેને નિરપવાદ રીતે ત્યાગવી. તેને પોષક વસ્તુઓ વારંવાર આચરવી. સારાંશ, નિર્લેપ સમર્પણ કરતા રહેવું.

**૭ પ્રભુ પોતે જ સાધનાનો ભાર ઉપાડી લે એવું ક્યારે બને છે?**

જ્યારે અહંની જગ્યાએ પ્રભુની સ્થાપના કાયમી સ્વરૂપે અસરકારક રીતે થાય છે ત્યારે.

**૮ પ્રભુ સાધનાનો ભાર ઉપાડી લે એટલે શું કરે છે?**

પ્રભુની શક્તિ જ યોગ-સાધનાનાં બધાં કાર્યો પોતે કરે છે. સાધકનો અહંકાર વિલીન થઈ જઈ સાધકની પ્રકૃતિનું સંચાલન પ્રભુની શક્તિને સોંપી દે છે.

**૯ સાધકને કેવી રીતે જાણ થાય છે કે તેની સાધનાનો ભાર પ્રભુએ ઉપાડી લીધો છે?**

પોતાના અનુભવથી તે જાણે છે કે સાધના હવે તેનો સ્વભાવ બની ગયો છે. અંગત પ્રયત્ન જેવું તેને લાગતું નથી.

**૧૦ ગીતા પોતાના પરમ-રહસ્યમાં જણાવે છે કે ''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'' આમાં ''સર્વર્ધર્માન્''નો અર્થ શું છે?**

મન, પ્રાણ, શરીરની પસંદગીઓ, નાપસંદગીઓ, ટેવો અને ગતિવિધિઓ અને તેમણે રચેલા ઘડતરો. એ જ તેમના બધાંના સ્વભાવો છે તે જ સર્વવર્ધમાન છે.

**૧૧ સાધનાની શરૂઆતથી જ સર્વ ધર્મોનો ત્યાગ કરવો શક્ય છે?**

ના, સર્વધર્મોનો ત્યાગ ધીમે ધીમે જ થાય છે અને તે પણ સમર્પણ થતું હોય તો જ.

**૧૨ પોતાની પ્રકૃતિની સર્વ પ્રવૃત્તિઓનું પ્રભુને સમર્પણ કરતા પહેલા તેમને જાણવી પડે છે. તે માટે અવલોકન કરવું પડે છે. આ અવલોકનને સાચું અને સંપૂર્ણ કઈ રીતે બનાવી શકાય ?**

તે માટે  પ્રથમ તેવી અભીપ્સા હોવી જોઈએ. પછી નિરીક્ષણમાં નોંધ લેવામાં સાવધાની અને દક્ષતા હોવી જોઈએ. કોઈ વસ્તુ છટકી ન જાય તેની કાળજી રાખવી જરૂરી છે.

**૧૩ સક્રિય અને નિષ્ક્રિય સમર્પણમાં તફાવત શું છે ?**

બધું પ્રભુ ઉપર છોડી દેવામાં આવે છે. તેને નિષ્ક્રિય સમર્પણ કહેવામાં આવે છે. જેમાં દિવ્ય વસ્તુઓનો સ્વીકાર, અદિવ્ય વસ્તુઓનો અસ્વીકાર અને સતત પ્રભુના સંકલ્પ સાથે પોતાનો સંકલ્પ સંવાદમાં રાખવો, તેવો પ્રયત્ન કરવો એ સક્રિય સમર્પણ છે.

ઘણી વખત નિષ્ક્રિય સમર્પણના ઓઠા નીચે પ્રમાદ નિમ્નપ્રકૃતિની ગતિવિધિઓને છૂટો દોર આપવામાં આવે છે. તે વસ્તુ ખોટી છે. (ક્રમશઃ)

---

(અનુ. પૃ.૫૦ ઉપરથી)

## પ્રાસંગિક

**જેવો જ પ્રેમ મળી રહેશે.** પછી સત્યવાન એક સ્મરણરૂપે તારા હૈયામાં રહેશે. એનું નામ છે જીવન. એ તો સતત વહેતો પ્રવાહ છે જે કદી એનો એ રહેતો નથી.

**સાવિત્રીએ ઉત્તર આપ્યો :** ‘અમે બે-સત્યવાન અને હું-શાશ્વતીથી એકબીજાને ચાહતાં આવ્યાં છીએ. દેવતાઓનાં રહસ્ય મારી આગળ ખુલ્લાં થયેલાં છે. તું મને છેતરી નહિ શકે. જીવન અને મૃત્યુ, સઘળું મારા અંતહીન અગ્નિને માટે સમિધ છે. **હું મારા લક્ષ્યને પ્રાપ્ત કરીશ અને સત્યવાનને પાછો લાવીશ.’’**

**સાવિત્રીના શબ્દો અનંત અવકાશમાં પ્રસરી ગયા, માનવ-જાતિમાં આવનાર ભાવિ રૂપાંતરના તે પુરોગામી હતા.** પોતાના વિચારોને સાવિત્રીએ સમેટી લીધા અને પોતાની ચેતનાને આંતરિક શક્તિના ઉપર એકાગ્ર કરી. ચળકતા ધુમ્મસમાં એ ત્રણે આગળ વધ્યાં. સાવિત્રીના આત્માની વિશદતા આગળ સઘળું વેગભેર પસાર થવા લાગ્યું.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# સત્યપ્રાપ્તિની ગુમાવેલી તક (૫૪)
# પ્રાચીન સ્વર્ગની સ્મૃતિ (૫૫-૫૬)

પ્રકરણ - ૩૬-૩૭
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૯૪-૯૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ઓ ઉત્સાહી વિવાદ કરનાર, તું જ્યારે વિવાદમાં સફળ થાય છે ત્યારે તો તારી ખૂબ જ દયા ખાવાની રહેછે; કેમ કે એ સમયે તેં તારા જ્ઞાનને વિશાળ કરવાની એક તક ગુમાવી હોય છે. (૫૪)**

બાળક : માતાજી, ચર્ચાઓ કેવી રીતે વધુ ઉપયોગી થઈ શકે ? પોતે જે વસ્તુ સાચી માને છે તેને અન્યોને સમજાવવાનો સારામાં સારો માર્ગ ક્યો ?

શ્રી માતાજી : શરૂઆતમાં પોતાના વિચારોને વધારે સ્પષ્ટ કરવા વિરોધરૂપ વિવાદની જરૂર હોય છે. પણ ચર્ચામાં કાયમ આંતિરક તટસ્થતા રાખો. સામેવાળાનો દૃષ્ટિબિંદુ સમજો. આ વિષયને વિવિધ દૃષ્ટિબિંદુથી જોઈ શકાય છે તેની ખાતરી થશે. સાથે સાથે દરેક દૃષ્ટિબિંદુમાં કાંઈક સત્ય તો હોય જ છે. તેને ખુલ્લા દિલથી સ્વીકારો. પોતાને પૂર્વજ્ઞાત સત્ય અને આ નવા જાણેલા સત્ય વચ્ચે સમન્વય કરો. આમ કરવાથી તમારી તે વિષયની દૃષ્ટિ વધારે વિશાળ થતી જશે.

અન્યને પોતે જાણેલા સત્યને દર્શાવવા, સમજાવવાનો સાચો અને સચોટ માર્ગ છે, તેને જીવનમાં ઉતારો અને તે સત્યના દૃષ્ટાંતરૂપ બની રહો.

ખોટી ચર્ચામાં અભિપ્રાયો ટકરાય છે. દરેક અભિપ્રાય એક ખંડિત, આંશિક સત્ય હોય છે. તેમનો સમન્વય ન કરતા સામ સામે મૂકાય છે. તેથી તેમાંથી વિશાળ સત્ય જન્મતું નથી.

જીતવું એ તાર્કિક ક્ષમતા દર્શાવે છે. તે તમારા અભિપ્રાયની વધારે સત્યતા નથી પૂરવાર કરતું.

બીજું, તમારી વારંવાર જીત અહંકારને વધારે દૃઢ કરે છે. તમે તમારા અભિપ્રાયને વધારે વળગી રહો છો. તેથી વિશાળ સત્ય પ્રાપ્ત કરવાનો જાણે માર્ગ જ બંધ કરી દો છો. તમે તમારા વિચારમાં જ પુરાયેલાં રહો છો. અને પ્રગતિ અને વિશાળ સત્ય પ્રાપ્ત કરવાની તક ગુમાવો છો.

* * *

**વાઘ પોતાના સહજ સ્વભાવ પ્રમાણે વર્તે છે અને બીજું કાંઈ જાણતો નથી. તેથી દિવ્ય છે અને તેનામાં પાપ નથી. જો તેના મનમાં શંકા જાગે, તે પોતાને પ્રશ્ન કરે, તો તે ગુનેગાર બની જાય. (૫૫)**

**પશુએ જ્યાં લગી, શુભ અને અશુભના જ્ઞાનવૃક્ષનું ફળ ખાધું નથી હોતું ત્યાં સુધી તેનામાં કશી વિકૃતિ આવી ન હતી. એ ફળ ખાધા પછી તેમાં વિકૃતિ આવી. દેવતાએ તો શાશ્વત જીવનના વૃક્ષને પ્રાત કરવા માટે આ ફળનો ત્યાગ કરી દીધો છે. માણસ આ ઊર્ધ્વ સ્વર્ગમાં અને નિમ્ન પ્રકૃતિ એ બેની વચ્ચે ઉભેલો છે (૫૬)**

બાળક : માતાજી, પૃથ્વી ઉપર શું પહેલાં સ્વર્ગ હતું. માણસને તેમાંથી શા માટે કાઢી નાખવામાં આવ્યો ?

માતાજી : ઘણા સહસ્ત્રો વર્ષો પહેલાં પૃથ્વી ઉપર સંવાદમય અને નૈસર્ગિક જીવનરૂપી સ્વર્ગ હતું. મન ઊર્ધ્વ પ્રકૃતિ સાથે પૂર્ણ સંવાદમાં રહેતું હતું. તેમાં વિકૃતિ નહોતી. શરીર સાથે પૂર્ણ મેળમાં હતું. પશુતાની સંવાદિતા હજી ચાલુ હતી. માનવની પ્રકૃતિને અનુરૂપ જરૂરિયાતો હતી અને તેને તે મબલખ પ્રમાણમાં મળતી હતી. જાણે પશુતા વધારે સભાન બની હતી.

વિકાસ ક્રમે મન વધારે સંકુલ બન્યું. તેમાં વિકૃતઓ પ્રવેશી તે ઘટના બાયબલમાંની વિશ્વ ઉત્પત્તિની કથામાં (Genesis)આવે છે. અન્ય ધર્મોમાં પણ ‘સત્યયુગ’ની સ્મૃતિઓ છે જ.

વધારે જ્ઞાન મેળવવાં મનમાં વિશ્લેષણ, તાર્કિકતા, શંકાઓ જાગતા જ જાણે જ્ઞાન-વૃક્ષનાં ફળ ખાવાનાં દુષ્પરિણામો દેખાવા લાગ્યાં.

માતાજીની સ્મૃતિ અનુસાર ઉપરની સ્વર્ગની સ્થિતિ સિલોન અને ભારતની આસપાસમાં જ થયેલી. પણ તે સમુદ્રમાં ડૂબી ગયેલો પ્રદેશ છે.

હવે જે વિસંવાદ નિર્માણ થયો તે માનવોને 'પતન' રૂપ લાગ્યો પણ ખરેખર તે વધારે મજબૂત અને વિશાળ સંવાદમયતામાં આરોહણ પૂર્વેની અવ્યવસ્થારૂપ હતો.

એક ગૂઢવિદ્યાના જાણકારે માતાજીને જણાવેલ કે પ્રભુએ વિશ્વશક્તિઓને સૃષ્ટિ નિર્મિતિની ક્ષમતા આપી પણ સ્વાતંત્ર્ય પણ આપ્યું. બીજું તેમને પ્રભુનો પૂરેપૂરો સંકલ્પ પણ ખબર નહોતો તેથી તેમણે પોતાની કલ્પના મુજબ સૃષ્ટિનિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. પણ અધૂરા જ્ઞાનને લીધે અને મૂળસંકલ્પને ન અનુસરવાને કારણે જગત નિર્મિતિમાં ઘણા દૂષણો નિર્માણ થયા તે 'અકસ્માત' સ્વરૂપ હતાં.

પૃથ્વીએ પોતાના બધાં જ ગત અનુભવો પોતાના સ્મૃતિભંડારમાં સંગ્રહી રાખેલાં છે. તેમાં ગત સ્વર્ગની પણ સ્મૃતિ છે. જે લોકો તેને મેળવી શકશે તેમને માટે જગતનાં કોઈક ખૂણે સ્વર્ગ મળી રહેશ.

મનના વિકાસને કારણે જે શુભ અશુભ વગેરે દ્વંદ્વોનો અનુભવ થવા લાગ્યો તે જ પતનનું કારણ બનેલ છે.

આ બધા ચેતનાના પ્રગતિનાં તબક્કા એ તો આપણને પ્રભુ પ્રત્યેની સભાનતા કેળવવા માટેના સંજોગોરૂપ છે. એ રીતે જ તેમને સમજવા પડશે.

મનની આ દ્વંદ્વામક સ્થિતિએ પૃથ્વીનું વાતાવરણ બગાડી મૂકેલ છે અને આપણને હવે જૂના પેલા સ્વર્ગ તરફ જવાનો રસ્તો જ જાણે બંધ થઈ ચૂક્યો છે. હવે નૂતન સ્વર્ગ શોધવાનું છે અને તે પણ આ દ્વંદ્વાત્મક સ્થિતિથી ઉપર જઈ દ્વંદ્વાતીત બનીને.

જડતત્ત્વને આ બહાને ખૂંદીને નમનીય કરવામાં આવી રહ્યું છે. જેથી તે ભાવિ પ્રગતિને અનુરૂપ બની રહે. હવે સંકુલતા સાથે જ પ્રકાશને પણ ધારણ કરવામાં આવશે. વિવિધતા અને એકતાનો સમન્વય કરવામાં આવશે.

માતાજી વર્ગ પતાવીને ઉભા થઈ રહ્યાં હતાં ત્યારે તેમને ટેબલનાં ફ્લાવર પોટમાં કૅનાનું લાલ રંગનું ફૂલ દેખાયું. તેઓ બોલ્યાં, પેલા સંવાદમય સ્વર્ગમાં આવા લાલ ફૂલ ઘણાં ઉગતા હતાં એવી મારી સ્મૃતિ છે.

શુદ્ધ લાલ રંગ એ શુદ્ધ પાર્થિવ તત્ત્વનું, જેમાં પ્રાણતત્ત્વ પણ સુમેળમાં રહે છે તેનું પ્રતીક છે.

## પ્રાસંગિક
(શ્રી અરવિન્દના મહાસમાધિ દિન નિમિત્તે (૫.ડીસે.૧૯૫૦)

# પ્રેમ અને મૃત્યુનો વિવાદ

સૌજન્ય : 'સાવિત્રી-ગુંજન' પર્વ-૧૦, સર્ગ-૩, પૃ.૩૯૧-૩૯૫)

- શ્રી અંબાલાલ પુરાણી

સાવિત્રીએ મૃત્યુને ઉત્તર આપ્યો : **"અજ્ઞાની મનને તે એક પડદારૂપ બનાવ્યું છે. તું સાચી દેખાય એવી દલીલો કરે છે અને જગતના દુઃખમાં તું આનંદ લે છે.** અસત્યનો રાજમુકુટ એટલે જૂઠાણું પ્રચારતી વાસ્તવિકતા અને વિકૃત થયેલું સત્ય એ તેનો સૌથી કિંમતી હીરો છે. તું કહે છે તે સત્ય છે પરંતુ એ સત્ય મારે છે. હું તારે એવું સત્ય તને ઉત્તરમાં આપું છું : પ્રભુ પોતે પ્રવાસી બન્યો અને તેણે જડતત્ત્વથી પોતાની યાત્રાનો આરંભ કર્યો; તેણે પોતાના મુખને જડતત્ત્વમાં છુપાવ્યું. અનંતે પોતે અમર્યાદ શૂન્યનું રૂપ લીધું, શાશ્વતી ખાલીખમ વિશાળતા બની. કાળથી પર પ્રભુએ શૂન્યમાં પોતાની ભૂમિકા લીધી જેથી કરીને આત્મા કાળમાં સાહસ ખેડી શકે. શૂન્ય હતું તેમાં આત્માએ વિચારને જાગ્રત કર્યો. અશરીરી આત્મતત્ત્વનો દેહ જડતત્ત્વ બન્યો અને એ જડતત્ત્વમાં નિદ્રિત પ્રાણ શ્વાસ લેતો હતો. અચેતન પ્રાણમાં માનસિક ચેતના નિદ્રામાં પડી હતી અને જ્યારે સચેતન પ્રાણ પ્રગટ થયો ત્યારે એ માનસિક ચેતના સક્રિય બની. મન જાગ્રત થયું એટલે ચિંતક યાને વિચારક આવ્યો : માણસ તર્ક કરનાર પ્રાણી થયો; એણે વિશ્વ સમગ્રનું માપ કાઢ્યું. પોતાના વિધિનિર્માણનો વિરોધ કર્યો અને પ્રકૃતિના નિયમો એણે જાણ્યા અને તેમનો ઉપયોગ કર્યો. પોતાની પરિસ્થિતિનો માનવ શાસક થયો. હવે તે અર્ધદેવ થવાની ભાવના સેવે છે. પ્રભુની અનંત શક્તિને તે અવતરણ કરતી અનુભવે છે. **હે મૃત્યુ! તું પૂરું થયું નથી એવા એક જગતને જુએ છે અને જગતને પોતાને કયે માર્ગે જવું તેની ખાતરી નથી તેથી તું કહે છે કે પ્રભુ જ નથી અને બધું મિથ્યા છે.** પરંતુ આજે માનવ એક શિશુ છે, તે કોઈ દિવસ વિકાસ પામશે જ નહિ? નાના સરખા, ચપટીમાં ચોળી નાંખી શકાય એવા **બીજમાં મોટું વૃક્ષ છુપાયેલું હોય છે, એ પ્રમાણે**

**માનવની અપૂર્ણ દશામાં પ્રભુ છુપાયેલો છે. પ્રચ્છન્ન પ્રભુથી જગતનો આરંભ થયો અને હવે ધીમેધીમે પ્રભુને પ્રગટ કરવા પ્રત્યે તે યાત્રા કરી રહ્યું છે;** માનવની અપૂર્ણતા પૂર્ણતા માટે મથે છે. સાંતને અનંત પોતાના આશ્લેષમાં રાખે છે, અને કાળ ગતિ કરે છે પ્રગટ શાશ્વતી પ્રત્યે, સર્વમાં પ્રભુની સન્નિધિ આપણે જોઈએ છીએ. સૂર્ય એના મહિમાની શિખા છે, આકાશ લહેરો છે. આ વિરાટ **વિશ્વ એની લીલા છે, અને છતાં કેવળ લીલા નથી, પરંતુ પરાત્પરની પ્રજ્ઞાની ગૂઢ યોજના છે.** જેમાં એ પ્રજ્ઞા છાયામાં અને અજ્ઞાનની રાત્રિમાં પોતાના સ્વામી સાથે મિલનના માર્ગ શોધે છે. આ જગતમાં પ્રભુએ પોતાના જ્ઞાનને અજ્ઞાનના રૂપમાં છુપાવ્યું છે. અનિષ્ટની રાક્ષસી ભૂમિમાં એણે પોતાના શિવત્વને વાવ્યું છે. સ્ખલનને સત્યને માટે પ્રવેશ કરવાનું દ્વાર બનાવ્યું છે. અને આનંદના છોડને શોકના અશ્રુથી તે પોષે છે.

**જીવનની સર્વે તડકાછાંયડીમાં થઈને માનવ પ્રભુ પ્રત્યે યાત્રા કરી રહ્યો છે. શરૂઆતમાં તેનો પ્રભુનો ખ્યાલ ઘણો અપૂર્ણ હતો,** અને દેવમાં પશુત્વનાં ઘણાં તત્ત્વો હતાં. પ્રજ્ઞા, સદ્‌ગુણ, પુણ્ય વગેરે સારી વસ્તુઓ પણ ભૂલ વિનાની નથી. માનવની તર્કશક્તિએ છીછરા પાણીનું માપ કાઢ્યું છે અને પોતાની જાળમાં તેણે નાની નાની માછલીઓ પકડી છે, પરંતુ મહાન સત્યો તો ઊંડાણમાં હોય છે, એ બધાં તેની જાળમાં આવતાં નથી. માનવની સર્ત્ય દૃષ્ટિ અજ્ઞાની ચક્ષુઓ વડે નિરીક્ષણ કરે છે; એનું જ્ઞાન સ્ખલન ઉપર આધાર રાખે છે, **એ ખોટા દેવોની પૂજા કરતો હોય છે અથવા પોતે ધર્માંધ બને છે, અથવા જે સત્ય તેને પ્રાપ્ત થાય છે. તેના વિશે તે શંકા ઉઠાવે છે,** અજ્ઞેયવાદી માનવ પ્રકાશ સામે ઊભો રહીને નકાર ભણે છે અથવા જગતનો તિરસ્કાર કરનાર બનીને માણસમાં રહેલા પ્રભુનો ઈનકાર કરે છે, **એ બધું સાચું છે, તે છતાં પ્રકાશ છે એ નક્કી છે; એ ધીમે ધીમે વધતો જાય છે. જ્યારે મહાન ઉષાઓ આવે છે ત્યારે માણસમાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે.** માનસિક ચેતનાથી ઉપરના લોકમાંથી ક્રાંતદૃષ્ટિ અને **પ્રેરણાઓના સ્રોત માણસના અંતરમાં આવે છે.** પ્રેરણાની જે વાણી વિશે આપણું અંતર બધિર હતું તેને આપણામાં રહેલો આત્મા સાંભળે છે. એ રીતે ઉગ્ર પ્રકાશવાળા જ્ઞાનસૂર્ય

પ્રત્યે સઘળું ગતિ કરી રહ્યું છે.

મૃત્યુના વેશમાં શાશ્વતનું મુખ ઢંકાઈ ગયું છે. અને આ જગતનું સર્જન કરનાર આનંદ નિદ્રામાં પડ્યો છે. એ પ્રમાણે **સંપૂર્ણ આત્મવિસ્મરણ થવાને પરિણામે મૃત્યુ અને અજ્ઞાન મર્ત્ય જગતનું શાસન કરે છે.** અને છતાં, પ્રકૃતિમાં, પૃથ્વીની સુંદરતામાં, આનંદનું તત્ત્વ રહેલું છે, જો કે એમાં વસતો દિવ્ય અતિથિ પડદા પાછળ છે. **જગતનું સર્જન કરનાર આનંદમયી શક્તિ શોકમાં રૂપાંતર પામી છે :** એ આપણા અંતરમાં, જીવનમાં અને દેહમાં દુઃખનો કઠણ અને ક્રૂર વેશ લઈને આવે છે. દુઃખ સહન કરવામાં અને શોકમાં માણસ વિકૃત પ્રકારનો આનંદ લે છે. માણસ એટલો બધો અજ્ઞાની થઈ ગયો છે કે સાધુઓ અને મહાત્માઓ પણ એ દિવ્ય આનંદથી ડરે છે; **ખરું જોતાં એ આનંદ પ્રભુનું સૌથી મધુર ચિહ્ન છે.** ચોખલિયા ધર્મો સુખ અને આનંદથી દૂર રહેવાનો ટુકડો કે એનું ભાંગેલું ઠીંકરુયે મળે તેને માટે તે તનતોડ મહેનત કરે છે. એક ક્ષણના આનંદને માટે માણસ શાશ્વતીનો ત્યાગ કરે છે.

**આનંદ સર્વ પ્રાણીઓનો આધાર છે,** સર્વ વસ્તુઓના મૂળમાં પ્રચ્છન્ન આનંદ રહેલો છે. **આ જગતના પદાર્થો વિશ્વઆનંદને ધારણ કરવાની પ્યાલીઓ છે.** સૂર્ય, ચંદ્ર, પવન, તારા અને ગ્રહો, પંખીઓ, વૃક્ષો અને પુષ્પો એ આનંદને વ્યકત કરે છે. અજ્ઞાનની આ મથામણમાં અને શોકમાં, અનિષ્ટ પરિસ્થિતિ અને મૃત્યુ જગતમાં છે તે છતાં **જીવનમાં આનંદ લેવાની વૃત્તિ વ્યાપક છે.** માણસનાં સારાં અને બૂરાં કાર્યોમાં પણ એ આનંદ વ્યાપેલો હોય છે. દુઃખદાયક અનુભવોમાં પણ માણસ એક પ્રકારનો વિકૃત આનંદ લેવાને ટેવાયલો છે. બહિર્મુખતામાંથી અને કામનામાંથી વધારે ગહન ચેતનામાં પ્રવેશ કરે છે ત્યાં પણ **ચિંતનમાં, કલામાં એને આનંદ મળે છે.**

**અમર આનંદ મનથી ઉપરની ચેતનામાં વસે છે** અને ત્યાં કોઈ સ્વર્ગીય ગરુડ પેઠે સર્જક આનંદનો આવેગ શાશ્વતની શાંતિના ગહન અને ગતિહીન સાગરના ઉપર સમતોલ પણે પોતાની પાંખો વિસ્તારે છે. **આ જગત એ આનંદની અભિવ્યક્તિ માટે સર્જવામાં આવ્યું છે,** એને માટે જ દિવ્યચેતનાએ અચિત્‌માં

અવતરણ કર્યું છે. આપણી પૃથ્વી કાદવથી આરંભ કરે છે અને એનો છેડો આકાશ છે. જ્યારે રૂપાંતર સિદ્ધ થાય છે ત્યારે બધી વસ્તુઓ પ્રભુમાં નવું જ સ્વરૂપ ધારણ કરે છે. ત્યારપછી અજ્ઞાનની રાત્રિનો અને મૃત્યુનો અંત આવશે, કારણ કે અદ્વૈત પ્રાપ્ત થાય છે ત્યારે સંઘર્ષનો, કલહનો અંત આવે છે. **પછી સઘળું જ્ઞાન મળે છે ને પ્રેમના આશ્લેષમાં સઘળું એકતાને પામે છે;** કોણ પછી અજ્ઞાનને અને દુઃખને આમંત્રણ આપે?

મારા અંતરમાં તો, હે મૃત્યુ ! હું તારા ઉપર વિજય મેળવી ચૂકી છું. મારું સમગ્ર સત્ પ્રેમથી ટંકોટંક ભરેલું છે; અને મારો શાશ્વત પ્રેમ પ્રભુની શાંતિમાં બિરાજે છે. એ પ્રેમ તો સ્વર્ગથી પણ વધારે ઊર્ધ્વમાં ચઢવાનો છે. એ પ્રેમ માનવતાનાં બંધનોથી મુક્ત થઈને દિવ્ય થવો જોઈએ. **મારા અંતરના આનંદને ખાતર કે મારા દેહની વાસનાતૃપ્તિને ખાતર હું તારી પાસેથી સત્યવાનની માગણી કરતી નથી. પરંતુ મારા અને એના જીવનકાર્યને ખાતર, અમને જે પવિત્ર જવાબદારી આપવામાં આવી છે તે અદા કરવા માટે હું સત્યવાનને માગું છું. હું, નારી, પ્રભુની શક્તિનું મૂર્ત રૂપ છું અને સત્યવાન માનવમાં શાશ્વતનો એક માત્ર પ્રતિનિધિ છે.** મારી સંકલ્પશક્તિ તારા નિયમ કરતાં વધારે મહાન છે. **અમારા પ્રેમને પરમ પુરુષની અનુમતિની સ્વર્ગીય મહોર લાગેલી છે.** પ્રેમ એ જ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની ઉજ્જવલ સાંકળ છે, **પરાત્પર પ્રભુએ પૃથ્વી ઉપર મોકલેલો દેવદૂત પ્રેમ છે; પ્રેમ નિરપેક્ષ કેવલના ઉપર માનવનો હક સ્થાપિત કરે છે.''**

**મૃત્યુએ ઉત્તર આપ્યો :** ''તારી વાસના માટે એક સુંદર ઢાંકણ કરવા માટે તેં તારા મનની શક્તિ ઉછીની લીધી છે. પરંતુ જીવનની શુષ્ક વાસ્તવિકતાઓ ઉપર જાદુઈ રંગો ચઢાવવાનો કશો અર્થ નથી. એ બધી વાસ્તવિકતાઓ દૈહિક છે, જડતત્ત્વને લગતી છે. **બે પગવાળો કીટ, માનવ, દિવ્ય કેવી રીતે બની શકે ?** તારું મન જે મો'રાં ચીતરી આપે છે તેમને દૂર ફગાવી દે : પશુ થા, પ્રકૃતિ તને કીટ બનાવવા માગે છે તે કીટ બન.''

**સાવિત્રીએ ઉત્તર આપ્યો :** ''હું માણસ છું એ સાચું. પરંતુ મારી સહાયથી માનવ તને પગ તળે ચાંપશે અને અમરતાનાં શિખરોને સર કરશે. **મારી**

**માનવતા પ્રભુએ લીધેલો વેશ છે.''**

**મૃત્યુએ જોરથી કહ્યું : ''તું કલ્પનામાં જીવી રહી છે; બે શાશ્વત દુશ્મનોને તું જોરજુલમથી ભેગા શી રીતે કરી શકશે ?** જ્યાં જડતત્ત્વ જ સર્વસ્વ છે ત્યાં ચેતનતત્ત્વ એક સ્વપ્નું છે. અને બધું જ ચિન્મય હોય તો જડતત્ત્વ જૂઠાણું છે. વાસ્તવિક અને અવાસ્તવિક એ બે શી રીતે મળી શકે ? **પ્રભુ પ્રત્યે જે અભિમુખ થાય તેણે જગતનો ત્યાગ કરવો જોઈએ.** અને મોટા મોટા દ્રષ્ટાઓને પણ જગતરૂપી મહાસાગરનું મંથન કરતાં નિર્વાણ જ એક માત્ર સલામત સ્થાન મળ્યું છે.''


**સાવિત્રીએ ઉત્તર આપ્યો : ''તર્કશક્તિના વિચારો કરતાં મારું હૃદય વધારે જ્ઞાની છે;** એ હૃદય સર્વમાં એક હૃદય ધબકી રહ્યું છે એમ જુએ છે અને અનુભવે છે. મારા અંતરમાં આખા વિશ્વના શોકને પોતાનામાં ધારણ કરવાની શક્તિ છે, અને છતાં, **એણે જે પ્રકાશમય માર્ગ પસંદ કર્યો છે, તેનો કદી ત્યાગ નહિ કરે. એ તો પ્રભુની શાંતિમાં પોતાને શ્વેતમાર્ગે ગતિ કરશે જ.''**

**પછી મૃત્યુએ** એના નિયમોમાંથી મુક્ત થવાની શક્તિ સાવિત્રીમાં હોય તો તે પ્રગટ કરવાને પડકાર કર્યો. મૃત્યુએ વધારામાં સાવિત્રીને પોતાને કોઈ વરદાન જોઈતું હોય તો તે માંગવાને કહ્યું. પરંતુ **સત્યવાનને મુક્ત કરવાનું તો નિયમની વિરુદ્ધ છે એમ જણાવ્યું.**

**સાવિત્રીએ ઉત્તરમાં કહ્યું : ''હું સત્યવાન સિવાય બીજું કાંઈ માગતી નથી.'' મૃત્યુએ કહ્યું :** ''સત્યવાન જ્યારે જીવતો હતો ત્યારે **સાવિત્રીને માટે એના અંતરમાં જે માગણી હતી તે હું તને આપવા તૈયાર છું.'' પરંતુ સાવિત્રીએ એનો સ્વીકાર કર્યો નહિ અને પાછા ફરવાની પણ ના કહી.**

**પછી મૃત્યુએ કહ્યું :** ''શું બધો હર્ષ અને આનંદ એક વ્યક્તિના ઉપર આધાર રાખે છે એમ તું માને છે ? જીવનમાં માણસોને આપત્તિ, દુઃખ વગેરે આવે છે પણ માણસો તે સહેલાઈથી ભૂલી જાય છે અને પ્રેમનું પાત્ર પણ એકનું એક કયાં રહે છે ? અનંત સાગરમાં તરનાર માટે જેમ ઊર્મિઓ બદલાય છે એમ પ્રેમપાત્ર પણ જીવનમાં બદલાય છે. **તું પાછી પૃથ્વી ઉપર જા, થોડા જ વખતમાં તને સત્યવાનના**

(અનુ. પૃ.૪૨ ઉપર)



# શ્રી અરવિંદ

But wisdom comes and vision grows within,
Then Nature's instrument crowns himself her king.
He feels his witnessing self and conscious power,
His soul steps back and sees the Light supreme.

Sri Aurobindo (Savitri B-1, C-2, P-)

## રૂપાંતરની શરૂઆત

ભાવાનુવાદ

જ્ઞાનનો ઉદય થએ, આંતરદર્શન વિકસતું,
આ કુદરતનું કરણ પણ, તેને સ્વામી બનાવતું.
સાક્ષી-પુરુષની સભાનતા ને, સચેત શક્તિ તો અનુભવે,
આત્મા તેનો પાર્શ્વે રહી, પરમ-પ્રકાશને જોતો રહે.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# સપ્તમ સપ્તર્ષિ : વશિષ્ઠ

દેહે વસે જે પ્રાણ તત્ત્વ, તે 'વશિષ્ઠ' કહેવાય,
વિશ્વમાં જે બાકી રહે, તે 'અવશિષ્ઠ' ગણાય.

પ્રાણશક્તિ જીવનશક્તિ ગણી, પ્રગટે જીવનમહિ,
પણ તેની નિમ્ન ગતિ, દુઃખથી જીવન દે ભરી.

આ નિમ્નગતિનું નિવારણ, વશિષ્ઠે શોધ્યું ખાસ,
પ્રભુ સમર્પિત પ્રાણને, બનાવે જો પ્રભુનો દાસ.

તો પ્રાણ વિશુદ્ધ બને, ને ધારણ કરે પ્રકાશ,
તે પ્રકાશે શક્તિ રહી, શાંતિ તુષ્ટિનો નિવાસ.

જીવન જરૂરિયાતોની, તે બધી જોગવાઈ કરે,
કામધેનુ બની એ, યોગક્ષોમ પણ વહે.

આ સત્યના શોધક બન્યા, વશિષ્ઠ મુનિ પ્રખ્યાત,
તેથી સતર્ષિમાં સ્થાન મળ્યું, ને પ્રભુમાં અવિચળ વિશ્વાસ.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત